Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

જૈન તત્ત્વજ્ઞાન, જૈન સાહિત્ય, જૈન કળા અને જૈન ઇતિહાસના વિષયો ચર્ચતું, શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિનું પ્રતિકાર વિષયક માસિક મુખપત્ર.



તંત્રી :
શાહ ચીમનલાલ ગોકળદાસ

વર્ષ ૨ ] ક્રમાંક ૨૪ [ અંક ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

## विषय-दर्शन


| | | |
|---|---|---|
| १ श्री पुंडरीक द्वात्रिंशिका | : आचार्य महाराज श्रीमद् विजयपद्मसूरिजी | : ५९१ |
| २ દિગંબરોની ઉત્પત્તિ | : આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી | : ૫૯૪ |
| ૩ પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન | : આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી | : ૫૯૭ |
| ૪ નમુત્થુણંને અંગે | : શ્રાયુત પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા | : ૫૯૯ |
| ૫ સમ્યગ્દર્શન | : આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી | : ૬૦૩ |
| ६ दिगंबर शास्त्र कैसे बने | : मुनिराज श्री दर्शनविजयजी | : ६०७ |
| ૭ પરમાર્હત મહાકવિ ધનપાલ | : મુનિરાજ શ્રી સુશીલવિજયજી | : ૬૦૯ |
| ૮ ગુજરાતની જૈનાશ્રિત કળા | : શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ | : ૬૧૧ |
| ૯ પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય | | |
| (૧) પ્રાચીન લેખ સંગ્રહ | : મુનિરાજ શ્રી જયંતવિજયજી | : ૬૧૫ |
| (२) मांडवगढ संबंधी लेख | : श्रीयुत नंदलालजी लोढा | : ६१८ |
| ૧૦ સમ્રાટ અકબરનો ધર્મ-મત | : મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી | : ૬૨૧ |
| ११ दो ऐतिहासिक रासों का सार | : श्रीयुत अगरचन्दजी नाहटा | : ६२६ |
| વાર્ષિક વિષયદર્શન : | | |
| સમાચાર : | | |


**: વિજ્ઞપ્તિ :**

જે પૂજ્ય મુનિરાજોને "શ્રી જૈન સત્ય પ્રકાશ" મોકલવામાં આવે છે, તેઓએ પોતાના વિહારાદિકના કારણે બદલાતું સરનામું દરેક મહિનાની સુદી ત્રીજ પહેલાં અમને લખી જણાવવા કૃપા કરવી, જેથી માસિક ગેરવલ્લે ન જતાં, વખતસર મળી શકે.

**વાર્ષિક લવાજમ :**

**સ્થાનિક ૧-૮-૦**

**બહારગામનું**

૨-૦-૦

**છૂટક અંક**

૦-૩-૦

**: જોઈએ છે :**

'શ્રી જૈન સત્ય પ્રકાશ' ના પ્રથમ વર્ષના ૨, ૩, ૭, ૮, અંકોની જરૂર છે. જેઓ તે મોકલશે તેનો સાભાર સ્વીકાર કરીને બદલામાં તેટલા અંકો મજરે આપવામાં આવશે.


મુદ્રક અને પ્રકાશક : **ચીમનલાલ ગોકળદાસ શાહ**, મણિ મુદ્રણાલય,
કાળુપુર, ખજુરીની પોળ, અમદાવાદ.

પ્રકાશન સ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય,
જેશિંગભાઈની વાડી. ઘીકાંટા, અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे संमीलिय सव्वसाहुसंमइयं । पत्तं मासियमेयं भव्वाणं मग्गयं विसयं ॥१॥

# 卐 શ્રી જૈન સત્ય પ્રકાશ 卐

अण्णाणग्गहदोसगत्थमइणा कुव्वंति जे धम्मिए,
अक्खेवे खलु तेसिमागमगयं दाउं विसिट्ठुत्तरं ॥
सोउं तित्थयरागमत्थविसए चे मेऽहिलासा तया,
वाइज्जा प्पवरं पसिद्धजइणं सच्चप्पयासं मुया ॥ २॥


પુસ્તક ૨ અંક ૧૧

| | | |
|---|---|---|
| વિક્રમ સંવત્ ૧૯૯૩ : | વીર સંવત્ ૨૪૬૩ | : સન ૧૯૩૭ |
| અષાડ શુકલા પંચમી | સોમવાર | જુલાઈ ૧૨ |


## श्री पुंडरीक द्वात्रिंशिका

कर्ता–आचार्य महाराज श्रीमद् विजयपद्मसूरिजी

[ आर्यावृत्तम् ]

सिरिअब्बुयतित्थपहू, थुणेअ परमोवयारिगुरुणेमिं ॥
सिरिपुंडरीयगणिणो, थुत्तं विरएमि भत्तिभरो ॥ १ ॥

भव्वरविंददिणेसं, चउणाणिपहाणभावपडिवण्णं ॥
गुणरयणरोहणणगं, वंदे सिरिपुंडरीयमहं ॥ २ ॥

जस्स ज्झणणमणेणं, सिग्घं सिज्झंति सव्वसज्झाइं ॥
तं सत्तुंजयतित्थं, जयउ सया कामकुंभनिहं ॥ ३ ॥

सिरिसिद्धत्थनिवसुया, वीरजिणिंदा पणट्ठसोयपया ॥
विमलायलजत्ताए, समागया भावकरुणड्ढा ॥ ४ ॥

सुरवइणा तत्थ कयं, गढतिगपरिमंडियं समोसरणं ॥
तिसलाणंदणणाहा, तत्थ ठिया देसणं दिन्ति ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सिरिसेत्तुंजट्ठाहिय-सयणामायण्णणप्पसंगंमि ॥
वरपुंडरीयणामं, णिसुयं सक्केण संपुट्ठं ॥ ६ ॥
केण णिबंधणेणं, एयं णामं पयट्टियं भुवणे ॥
सासणणाहा हेउं, वयंति भवियाण बोहट्ठं ॥ ७ ॥
सिरिउसहतित्थवइणो, आसी भरहो सुओ महाचक्की ॥
तत्तणय उसहसेणो, णामंतरपुंडरीओत्ति ॥ ८ ॥
सारइयमेहसरिसं, जीविय मिह संपया तहा चवला ॥
भोगा किंपागसमा, ममया एएसु णो कुज्जा ॥ ९ ॥
विण्णा हिययरचरणं, सेवित्ता पाविऊण संतिसुहं ॥
पत्तसिवा होंति तओ, तुब्भेऽवि तहा कुणह हरिसा ॥ १० ॥
आयण्णिऊण एवं, उवएसं भाविमहुर मुल्लासा ॥
पडिवज्जिऊण दिक्खं, संजाओ गणहरो पढमो ॥ ११ ॥
तिवईसवणाणंतर-प्पणीयसुंदरदुवालसंगसुओ ॥
विहरइ भव्वेऽणेगे, पडिबोहेइ प्पमोएणं ॥ १२ ॥
सो गामाणुग्गामं, विहरंतो समणपंचकोडीए ॥
परियरिओ संपत्तो, विमलायलतित्थसिहरंमि ॥ १३ ॥
सो पुंडरीयसामी, संपत्तो णिव्वुइं सपरिवारो ॥
चित्तस्स पुण्णिमाए, ता णामं पुंडरीयंति ॥ १४ ॥
एयम्मि वासरे जो, पोसहदाणच्चणं तवजवाइ ॥
पकुणइ सोऽण्णदिणेहि, पणकोडिगुणं फलं लहए ॥ १५ ॥
मज्झिमफलववहारा, पूयाइविहायगो य भवपणगे ॥
णियमा पावइ मुत्तिं, अंतमुहुत्ते जहण्णेणं ॥ १६ ॥
उक्किट्ठभावजोगा, झाणाणलदड्ढसव्वकम्ममला ॥
केवलणाणवियासा, सिद्धसिलामंडणा होज्जा ॥ १७ ॥
पूया पंचपयारा, वरविहिविहिया पयच्छए नाणं ॥
हिट्ठा सक्किंदाई, सोच्चा वरपुण्णिमा महिमं ॥ १८ ॥
सिरिपुंडरीयतित्थे, जाया वरभत्तिभाविया केई ॥
सुहपुण्णिमातवंमि, पण्णरसहप्पमाणंमि ॥ १९ ॥
जीए चंदसिरीए, पइविरहो कारिओ वियारा ता ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पत्तं विसकण्णत्तं, लग्गावसरे मओ भत्ता ॥ २० ॥
तीए सिसुविहवाए, एयतवाराहणाणुभावेणं ॥
पत्ता सोहमरिद्धी, महाविदेहे सुकच्छंमि ॥ २१ ॥
पाविस्सइ परमपयं, अयरामररोगसोगपरिहीणं ॥
एवं अणेगभव्वा, सिद्धा पुव्वंमि कालंमि ॥ २२ ॥
सिरिपुंडरीयसामी, पत्तो परमं पयं मुया जत्थ ॥
दसरहपुत्तो भरहो, कण्हंगयसंबपज्जुण्णा ॥ २३ ॥
सुयमुणिसेलयपंथग–नवनारयरामपांडवप्पमुहा ॥
सिद्धा तत्थ ठियं तं, वंदे सिरिपुंडरीयमहं ॥ २४ ॥

अव्वाबाहमणंतं, णिम्मलवरनाणदंसणाभोगं ॥
णिम्ममजोइसरूवं, वंदे सिरिपुंडरीयमहं ॥ २५ ॥
संसारंबुहिपोयं, सच्चाणंदप्पमोयपरिकलियं ॥
सोहियपरमज्झाणं, वंदे सिरिपुंडरीयमहं ॥ २६ ॥
रिउमित्तसम्मभावं, भवसेढीबद्धपावणासयरं ॥
नियगुणतत्तिसमेयं, वंदे सिरिपुंडरीयमहं ॥ २७ ॥

धण्णा णरा प्पहाए, जोगावंचणसहावसंपुण्णा ॥
सिरिपुंडरीयचरणं, हियए ठावेइ मुत्तिदयं ॥ २८ ॥
धण्णो हं कयपुण्णो, जम्मं मह सत्थयं तुह त्थवणा ॥
सिरिपुंडरीयगणहर ! जाओ कम्मखउल्लासो ॥ २९ ॥
सिरिपुंडरीयमग्गं, सग्गपवग्गाइदायगं णच्चा ॥
आराहिऊण भावा, भव्वा ! पावेन्तु सिद्धिसुहं ॥ ३० ॥

कम्मलयाकरवालं, गणहरसिरिपुंडरीयवरसरणं ॥
विस्साहियमाहप्पं, मम मिलउ भवे भवे णिच्चं ॥ ३१ ॥
थुत्तमिणं पढणाय–ण्णणतप्परभव्वभावभवियाणं ॥
लहु देइ बुद्धिरिद्धी, रोगुवसग्गे पणासेइ ॥ ३२ ॥
तवगणगयणदिवायर–गुरुवरसिरिणेमिसूरिसीसेणं ॥
वायगगणिपोम्मेणं–जइणउरीरायणयरंमि ॥ ३३ ॥
णहणंदणिहिंदुसमे, सिरिणेमिजिणिंदजम्मपव्वदिणे ॥
सिरिपुंडरीयथुत्तं, रइयं वरभत्तिरागेणं ॥ ३४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિગંબરોની ઉત્પત્તિ

લેખક :
આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી

( ગતાંકથી ચાલુ )

**દિગમ્બરોનું ઉપકરણાદિનું ઉત્થાપકપણું :**

શ્વેતામ્બર જૈનોએ જ્યારે કુદેવના લક્ષણ તરીકે મોહ, મિથ્યાત્વ, અજ્ઞાન વગેરે દોષો — કે જે ઘાતી કર્મના ઉદયથી જ હોય છે તેને–માન્યા અને તેવા ઘાતી કર્મના ઉદયથી થવાવાળા દોષોનો અભાવ સુદેવમાં હોય એમ માન્યું કે જેથી તેમનું કુદેવત્વ નથી એમ નક્કી થાય, છતાં દિગમ્બરભાઈઓએ ફકત સંયમનાં ઉપકરણોને ઉપકરણ તરીકે ન માનવાની ખાતર સ્ત્રીને નગ્નપણું ન જ હોય એમ નિશ્ચય માની, સ્ત્રીને ચારિત્રનો અભાવ માન્યો, તેમજ તે ચારિત્ર નહિ હોવાને લીધે કેવલજ્ઞાન અને મોક્ષનો પણ સ્ત્રીને માટે નિષેધ કર્યો. અને તે જ સંયમના ઉપકરણને ઉપકરણ તરીકે ન માનવાના પ્રતાપે નગ્નપણાનો આગ્રહ રાખવો પડયો અને એ નગ્નપણાના આગ્રહને લીધે જ અન્ય તિર્થિક અને ગૃહિલિંગીની શાસ્ત્રકારોએ માનેલી સિદ્ધિ ઉઠાવવી પડી. તે અન્યલિંગ અને ગૃહિલિંગની સિદ્ધિ નહિ માનવાથી જે જૈનશાસન બાહ્યલિંગ અને બાહ્યત્યાગને માટે અનેકાન્તિક હતું અને માત્ર ભાવલિંગને માટે એકાન્તિક હતું તેની જગોપર આ દિગમ્બરભાઈઓને માત્ર દ્રવ્યલિંગ અને દ્રવ્યત્યાગને જ એકાન્તિકપણે માનવું પડયું. એ હિસાબે, દિગમ્બરભાઈઓની અપેક્ષાએ, દ્રવ્યલિંગ હોય ત્યાં જ ભાવલિંગ હોય અને ભાવલિંગ હોય ત્યાં જ દ્રવ્યલિંગ હોય એવી રીતે દ્રવ્યલિંગ અને ભાવલિંગનું સમવ્યાપકપણું થઈ જાય અને તેથી દ્રવ્યલિંગ અને ભાવલિંગ એવા ભેદો સ્હેજે શાસ્ત્રકારોએ જણાવ્યા છે તે જુદાપણે રહે જ નહિ. વળી આવી રીતે સંયમનાં ઉપકરણો જે પાત્ર વગેરે હોય છે, તેને પણ દિગમ્બરભાઈઓને ઉપકરણ તરીકે ન માનવાનું થયું અને તેથી તત્ત્વાર્થ વગેરે સૂત્રકારોએ 'વૈયાવૃત્ય' વગેરે જે સાધુઓના ગુણો જણાવ્યા છે તે પણ તે લોકોને માનવાના રહ્યા જ નહિ. તેઓના મતે આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, બાળ, ગ્લાન, વગેરે કોઇને પણ કોઈ પણ અવસ્થામાં અશન–પાન વગેરે લાવી આપવાનું રહેતું જ નથી. ઉપર જણાવ્યા પ્રમાણે ઉપકરણના ઉત્થાપનથી જે અનેક અનર્થો દિગમ્બર ભાઈઓને ઉઠાવવા પડયા છે તેવી જ રીતે પાત્રાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન માનવાને લીધે જ કેવલિમહારાજને પણ કોઈ આહાર-પાણી ન લાવી દે એ સ્વાભાવિક છે અને તીર્થંકર કેવલી જેવાઓને કેવલી અવસ્થામાં ગોચરી માટે ફરવું ન થાય એ નિશ્ચયથી સર્વકેવલીઓને આહાર-પાણીનો યોગ થઈ શકે નહિ એમ બન્યું. અને તેથી કેવલીને આહારનો નિષેધ માનવાની ફરજ પડી.

**શું ક્ષુધા-તૃષાદિના અભાવ માત્રથી દેવનું લક્ષણ થાય:**

કેવલિના આહાર માનવાના નિષેધની ફરજ એટલી બધી આગલ વધી કે દેવપણાના દોષોમાં સચિત્ત અચિત્ત વસ્તુનો અભાવ ગુણ તરીકે ન માન્યો, આશ્રયમાં અવસ્થાનના અભાવને ગુણ તરીકે ન માન્યો, મૃષાવાદ, અદત્તાદાન, કે હિંસા વગેરે જેવાં લૌકિક અને લોકોત્તર બન્ને માર્ગમાં મોટામાં મોટાં પાપ રૂપ છે તેના અભાવને લક્ષણ તરીકે ન માન્યુ, કંચન અને કામિનીના સંયોગના અભાવને સુદેવત્વનું લક્ષણ ન માન્યું, પણ દેવત્વનાં લક્ષણો કરતાં ક્ષુધા અને તૃષાના અભાવને સુદેવત્વના લક્ષણ તરીકે માન્યું અને તેમાં પણ અઢારે દોષોના અભાવને જણાવતાં, પહેલા નંબરે ક્ષુધા અને તૃષાના દોષના અભાવને સ્થાન આપ્યું. સુજ્ઞ મનુષ્ય સહેજે સમજી શકશે કે—શ્વેતામ્બરોએ કેવલિ મહારાજાઓને તત્ત્વાર્થસૂત્ર વગેરે અનેક શાસ્ત્રોના આધારે ક્ષુધા અને તૃષાના પરિષહો માન્યા અને તેને જ હિસાબે કેવલિઓને આહાર પાણી માન્યાં, પણ આહાર અને પાણી એ દેવના લક્ષણ તરીકે તો નથી જ રાખ્યાં!

**શું જન્મનો અભાવ તે દેવનું લક્ષણ કહેવાય:**

જેવી રીતે દિગમ્બરોએ દેવના લક્ષણમાં ક્ષુધા અને તૃષાના અભાવને ગુસેડ્યો છે તેવી જ રીતે તેઓએ જન્મના અભાવને પણ દેવના લક્ષણમાં ગુસેડ્યો છે. તે જન્મના અભાવને અંગે આપણે સામાન્ય વિચાર કરી ગયા કે તેઓ વર્તમાન જન્મના અભાવને અંગે લક્ષણ રાખે છે કે ભવિષ્ય જન્મના અભાવને અંગે લક્ષણ રાખે છે? વર્તમાન જન્મનો અભાવ દિગમ્બરોથી કોઈ પણ રીતે કહી શકાય તેમ નથી, કારણ કે સામાન્ય કેવલી અને તીર્થંકર કેવલી એ બધાનાં માતાપિતાનું જન્મસ્થાન વગેરે દિગમ્બરભાઈઓ માને છે, એટલું જ નહિ પણ શ્રી તીર્થંકર ભગવાનને અંગે તો જન્મનું કલ્યાણક અને અભિષેક પણ માને છે. તો જે વસ્તુ કલ્યાણકમાં ગણી અને જેને અંગે અભિષેક માન્યા તે જન્મને દોષરૂપ તો વર્તમાન જન્મની અપેક્ષાએ દિગમ્બરો જો માને તો પછી દિગમ્બરના હિસાબે કલ્યાણનો અભાવ એ જ દેવપણાનું લક્ષણ થઈ જાય. અને ભવિષ્યત્ જન્મના અભાવે દેવપણાના લક્ષણ તરીકે ગણે તો તે કોઈ પણ પ્રકારે બંધ બેસી શકે તેમ નથી, કારણ કે દિગમ્બર ભાઈઓ પણ એ વાત તો કબુલ કરે છે કે—જન્મથી મિથ્યાત્વી હોય અગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવું મિથ્યાત્વ પામેલ હોય તો પણ એવા પણ કંઇક મિથ્યાત્વી જીવો હોય છે કે જેઓ આ જન્મની બાલ, મધ્ય કે વૃદ્ધ એ ત્રણ દશામાંથી કોઈ પણ દશામાં કેવલજ્ઞાન પામી શકે અને જન્મ, મૃત્યુ આદિથી રહિત એવી પદવીને પામી શકે. તો પછી શું તે દિગમ્બરભાઈઓ તેવા બધા મિથ્યાત્વીઓને દેવના લક્ષણવાળા માનવા તૈયાર છે? જો કદાચ દિગમ્બર ભાઈઓ એમ કહે કે એકલા ભવિષ્યત્ જન્મનો અભાવ જ અમારે દેવના લક્ષણ તરીકે નથી પણ ક્ષુધા, તૃષાદિકના અભાવથી યુક્ત એવો ભવિષ્યત્ જન્મનો અભાવ તે લક્ષણ તરીકે છે. આવું તેમનું કથન પણ ચાલી શકે તેમ નથી, કારણ કે પ્રથમ તો દેવત્વ વર્તમાન કાલમાં લેવું છે અને ભવિષ્યત્ જન્મનો અભાવ ભવિષ્યત્ કાલમાં લેવો છે તો પછી લક્ષણ ન જ રહે એટલું જ નહિ પણ ભવિષ્યત્ કાલમાં તો અદેહ-અવાક્ ને અમન પણ થવાનાં છે, તે અદેહાદિકને પણ લક્ષણ તરીકે નહિ રાખવામાં તે દિગમ્બરભાઈઓએ તો ભૂલ જ કરી એમ માનવું જોઈએ. મધ્યસ્થ સમજદાર મનુષ્ય સમજી શકશે કે—જ્યારે ક્ષુધા અને તૃષાનો અભાવ માન્યો તો જન્મ લેવાનો અભાવ તો આપોઆપ જ આવી જાય, કેમકે દિગમ્બરભાઈઓના કોઈ પણ શાસ્ત્રમાં કોઇ પણ આચાર્યે કોઈ પણ જગો પર જન્મ લેનારા અણાહારિ જ હોય છે એમ જણાવેલું કે માનેલું નથી. તેમજ આહાર લેનારા જન્મ વગરના હોય છે તેવું પણ કોઈ પણ જગો પર દિગમ્બર શાસ્ત્રકારોએ માનેલું નથી. તો પછી ક્ષુધા-તૃષાના અભાવને ગુણ તરીકે માન્યા પછી જન્મના અભાવને ગુણ તરીકે માનવાનો રહેતો જ નથી. એટલે કહેવું જોઈએ કે ક્ષુધા-તૃષાનો અભાવ લક્ષણ તરીકે માન્યો તે કલ્પિત છે અને જન્મનો અભાવ માન્યો તે પણ કલ્પિત જ છે.

**ક્ષુધાદિ દોષોનો અભાવ દેવવિશેષમાં માનવાથી અન્ય મતોનો થતો વ્યવચ્છેદ**

આવી રીતે ક્ષુધા, તૃષા અને જન્મના અભાવને સામાન્ય દેવના લક્ષણ તરીકે કેવલ આગ્રહને લીધે માનવામાં દિગમ્બરોએ થાપ જ ખાધી છે. કદાચ દેવ વિશેષના લક્ષણ તરીકે ક્ષુધા-તૃષા આદિકના અભાવને જણાવ્યો હોત તો સિદ્ધરૂપી દેવ વિશેષની અંદર તે બધાનો અભાવ ખુશીથી બેસી શકત અને તેથી જ અન્યમતવાળાઓએ માનેલા સિદ્ધોનો વ્યવચ્છેદ કરવાને માટે શક્તિમાન થઈ શકત, પણ દિગમ્બરભાઈઓને તો વાસ્તવિક વસ્તુ ન માનતાં માત્ર કેવલિના આહારને ઉઠાવવો હતો તેથી કોઈ પણ પ્રકારે સંભવિત ન થઈ શકે તેવી રીતે સંસારમાં રહેલા કેવલિ મહારાજાઓને અંગે ક્ષુધા-તૃષાદિકના દોષો ઘડી કાઢ્યા.

(જુઓ પૃષ્ઠ ૫૯૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન

લેખક—**આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી**

( ક્રમાંક ૨૧થી ચાલુ )

આપણે આગળના લેખમાં જોઈ ગયા તે રીતે પ્રભુ શ્રી મહાવીરના પ્રવચનથી વિરૂદ્ધ કલ્પનાઓ કરનારના માર્ગો કંટકોથી ભરપુર છે. એક મહાવીર પ્રભુનો જ બતાવેલ માર્ગ સુંદર, નિષ્કંટક, સ્યાદ્વાદમય શોભી રહ્યો છે. એમાં સપ્તનય અને સપ્તભંગીની એવી સુંદર રચના છે કે તે માર્ગમાં ચાલનારને કોઇ પણ પ્રકારનો વાંધો આવતો નથી. અન્ય વાંચનારને કદાચ એવી કલ્પના થશે કે લેખક માત્ર સ્વપંથનો ઉત્કર્ષ ગાઈ રહ્યા છે, પરન્તુ એમ નથી. કોઈ પણ જૈનેતર દર્શનવાળો, સ્વદર્શનીય રાગને દૂર કરી, શ્રી મહાવીરના સુરમ્ય તત્ત્વજ્ઞાનનો પૂર્ણ પરિચય કરે તો તે પણ મુક્ત કંઠે પ્રશંસા કર્યા વિના રહે નહિ. જેમકે શ્રીહરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. બી. એલ. બંગાલી મહાશય પોતાના એક માસિકના લેખમાં લખે છે કે:—

"સામાન્યતઃ ભારતવર્ષના દાર્શનિક મતવાદમાં જૈનદર્શન સારૂં, માનવન્તું સ્થાન ભોગવે છે, અને ખાસ કરીને જૈનદર્શન એક સંપૂર્ણ દર્શન છે. તત્ત્વવિદ્યાના બધા અંગ એમાં મળે છે. વેદાન્તમાં તર્કવિદ્યાનો ઉપદેશ નથી. વૈશેષિક કર્માકર્મ અને ધર્માધર્મ વિષે કાંઈ ફોડ પાડતું નથી. જૈનદર્શનમાં તો ન્યાય વિદ્યા છે, તત્ત્વવિચાર છે, ધર્મનીતિ છે, પરમાત્મ તત્ત્વ છે, અને બીજું પણ ઘણું છે. પ્રાચીન યુગના તત્ત્વ ચિન્તનનું ખરેખર જ જો કોઈ એક અમૂલ્ય ફળ હોય તો તે જૈનદર્શન છે. જૈનદર્શનને બાદ કરીને જો તમે ભારતીય દર્શનની આલોચના કરો તો તે અપૂર્ણ જ રહી જવાની."

લગભગ પચ્ચીશથી અધિક વર્ષ ઉપરાન્ત, ઈટાવાના એક આર્ય સમાજીસ્ટ, જૈન ધર્મના ખંડનના માટે, જૈનધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. બે ત્રણ વર્ષના ટુંકા અભ્યાસથી પણ તેઓનો જૈનદર્શન ઉપર એટલો બધો અનુરાગ વધી ગયો કે તેમણે જૈનધર્મનો હજારો જન સમક્ષ, મુક્ત કંઠે પ્રશંસા કરવાપૂર્વક, સ્વીકાર કર્યો. હાલ તેમનું નામ કુમાર દિગ્વિજયસિંહ છે. તેઓ હાલ પંજાબ દેશમાં જૈનધર્મના તત્ત્વનો પૂર્ણ પરિચય કરાવે છે, અને ઠેકાણે ઠેકાણે જૈન તત્ત્વના સાચા સિદ્ધાંતની પુષ્ટિ કરી તેની જયપતાકા ફેરવી રહ્યા છે. આનું કારણ માત્ર એક જ છે કે પ્રભુ શ્રી મહાવીરે ઉંચા પ્રકારના ચારિત્રને પાલન કરી, કેવળજ્ઞાન પ્રગટાવી, જૈન દર્શનની પ્રરૂપણા કરી છે. હવે આપણે પ્રભુ મહાવીર કથિત તત્ત્વોના પરિચય કરતાં પહેલાં પ્રભુ દર્શનનું નામ જૈન દર્શન છે તે ઉપર વિચાર કરીએઃ—

નૈયાયિક દર્શન ન્યાય શબ્દ ઉપરથી નીકળેલું છે. અને ન્યાય એ સાચી વસ્તુનું નામ છે. પરન્તુ જ્યાંસુધી રાગદ્વેષની છાયા હોય ત્યાંસુધી અન્યાયને પણ ન્યાય કહેતાં અને ન્યાયને અન્યાય કહેતાં વાર લાગતી નથી. સાંખ્ય દર્શનનો અર્થ જ્ઞાન શબ્દ ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્તેલો છે પરન્તુ તે રાગદ્વેષ રહિતનું હોય તો જ સમ્યક્ જ્ઞાન કહેવાય છે. બાકીનું મિથ્યા જ્ઞાન છે. એટલે ઉપર્યુક્ત એ દર્શનો નામ માત્રથી પણ ચિત્તને આકર્ષી શકતાં નથી. મીમાંસક દર્શનનો અર્થ વિચારક થાય છે. પણ વિચારક રાગી કે દ્વેષી હોય તો તે એક તરફી વિચાર કરી શકે. અને તેવા એક તરફી વિચારો આત્માનું અધઃપતન કરે છે. બુદ્ધથી ઉત્પન્ન થયેલાનું નામ બૌદ્ધ દર્શન છે. તે પણ સાચો બુદ્ધ જો ન હોય અને નામ માત્રથી જો બુદ્ધ કહેવાતો હોય તો તેના દર્શનને પણ મહત્ત્વ ન જ અપાય, અને જૈનદર્શન એટલે વીતરાગનું દર્શન, અને તે દર્શન એટલે વીતરાગોકત હોવાથી તદ્દન સત્ય, નિર્મળ, ચિત્તને આકર્ષી શકે તેવું, અને અન્ય દર્શનોનાં નામોથી પોતાના નામથી મહત્તા ભોગવી રહ્યું છે. આ તો માત્ર તેના નામનો વિચાર કર્યો છે. એટલા માત્રથી પણ એની ઉત્તમતા સ્પષ્ટ માલમ પડી આવે છે. જૈનદર્શનનાં મૂળ તત્ત્વો સંબંધી વિચાર હવે પછી આપણે કરીશું. અપૂર્ણ

( પૃષ્ઠ ૫૯૬ થી ચાલુ )

**વૃદ્ધત્વની વ્યાખ્યા સાથે તેને ગુણરૂપ માનવાનો નિરાસ:**

જેવી રીતે આ જન્મ નામનો દોષ સામાન્ય દેવને અંગે દિગમ્બરભાઈઓથી કહી શકાય નહિ છતાં કહ્યો છે, તેવી જ રીતે તેઓએ વૃદ્ધત્વને પણ દેવના દોષ તરીકે જણાવેલો છે. વૃદ્ધત્વ દોષને અંગે પ્રથમ તો એ પ્રશ્ન થાય છે કે દિગમ્બરભાઈઓ વૃદ્ધત્વ કોને કહે છે? સામાન્ય રીતે શાસ્ત્રકારોએ કેશનું ધોળા થવું, દાંતનું પડવું, ઇંદ્રિયોનું સામર્થ્ય ઘટવું વગેરે લૌકિક ચિન્હો જણાવ્યાં છે, પણ વાસ્તવિક રીતે નથી તો તે લક્ષણોની વૃદ્ધત્વની સાથે વ્યાપ્તિ કે નથી તો તેનો નિયમિત કાર્ય-કારણ ભાવ, અને તેથી જ શાસ્ત્રકારોએ દીક્ષાના અધિકારમાં વૃદ્ધપણું તેને જ માન્યું છે કે જેની જે ઉંમર હોય તેનો પાછલો ત્રણ દશાંશ ભાગ વૃદ્ધપણું ગણાય અને તેથી જ સો વર્ષની ઉંમરવાળાને સિત્તેર વર્ષની ઉંમર થયા પછી દીક્ષાને માટે વૃદ્ધ ગણીને અયોગ્ય માનેલો છે. એ હિસાબે ક્રોડ પૂર્વના આયુષ્ય વખતે સિત્તેર લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય થઈ ગયા પછી વૃદ્ધ ગણાવવો જોઈએ, તો તે હિસાબે તો ભગવાન્ ઋષભદેવાદિ તીર્થંકરોની દીક્ષા જ વૃદ્ધપણામાં થયેલી ગણાય અને તેથી તેમને વૃદ્ધત્વ હતું જ નહિ એમ કહી શકાય જ નહિ. એવી રીતે અન્ય જીવો પણ એવા હોય છે કે જેઓને દાંતપતન આદિ વૃદ્ધપણાનાં ચિન્હો વૃદ્ધ થતાં પણ નથી હોતાં, તો શું તેવા જીવોને વૃદ્ધ ઉમર થયા છતાં દિગમ્બરભાઈઓ અવૃદ્ધ માનશે. ચાહે તેમ હો પણ વૃદ્ધપણું શાસ્ત્રકારો અને વ્યાવહારિક પુરુષો જ્યારે પરિણતિ અને પ્રવૃત્તિને અંગે ગુણરૂપ માને છે ત્યારે આ દિગમ્બરભાઈઓને કોણ જાણે શા કારણથી દોષરૂપ માનવાની જરૂર પડી? ( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમુત્થુણંને અંગે

લેખક
શ્રીયુત પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.

**પ્ર**તિક્રમણસૂત્રનાં પુસ્તકોમાં સ્થાન અપાયેલાં અન્યાન્ય સૂત્રો વિષે સવિશેષ પર્યાલોચનની આવશ્યકતા વિષે હું 'પ્રતિક્રમણસૂત્રનું પર્યાલોચન' એ લેખમાં[1] વિચાર કરી ગયો છું. તદનુસાર અત્ર નમુત્થુણં એ સૂત્ર વિષે યથાસાધન ઊહાપોહ કરવા પ્રેરાઉં છું.

**નામ**—આપણાં ઘણાંખરાં સૂત્રોનાં વિશિષ્ટ નામો નથી, કિન્તુ જે શબ્દોથી એનો પ્રારંભ થાય છે તે ઉપરથી એનું નામ પાડવામાં આવ્યું છે. એટલે કે અણુઓગદ્દારસુત્ત (અનુયોગદ્વારસૂત્ર)ના ૧૩૦મા સૂત્રમાં જે નામના દશ પ્રકારો સૂચવાયા છે તેમાંના 'આદાનપદ'[2] નામના પ્રકારનો અત્ર ઉપયોગ કરાયો છે.[3] આથી આ સૂત્રને નમુત્થુણં કે પાઠાંતરને લક્ષમાં લેતા 'નમોત્થુણં' તરીકે ઓળખાવાય છે. વળી સૌધર્મ દેવલોકના ઇંદ્ર શક્રે પ્રભુની સ્તુતિ કરતાં આ સૂત્રમાં ઉપલબ્ધ થતા અમુક ભાગનો ઉપયોગ કરેલો હોવાની માન્યતા છે, એ અનુસાર એનું શક્રસ્તવ (સક્કથય) એવું પણ નામ પડ્યું છે. વળી યોગશાસ્ત્ર (પ્ર૦ ૩, શ્લો૦ ૧૨૪)ની સ્વોપજ્ઞ વૃત્તિના ૨૧૬ અ પત્રમાં તેમજ ૨૨૩ અ પત્રમાં આનો 'પ્રણિપાતદંડક' તરીકે ઉલ્લેખ આપ્યો છે.

**ઉત્પત્તિ**—પજ્જુસણાકપ્પ (કલ્પસૂત્ર)માં સૂચવાયા મુજબ શક્રે શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતરેલા જોઈ નમુત્થુણં સૂત્ર વડે તેમની સ્તુતિ કરી છે. આ ઉપરથી એમ અનુમનાય છે કે આ સૂત્રનો નમો જિણાણં જિયભયાણં સુધીના અમુક[4] ભાગની અધિકતાવાળો પાઠ વર્તમાન તીર્થ સ્થપાયા પૂર્વેનો છે. અને એ પછી બોલાતી "જે અ અઈયા સિદ્ધા"વાળી ગાથા પાછળની છે. આ ગાથા કોણે અને ક્યારે અને કેમ દાખલ કરી તે સંબંધમાં કોઈ નિશ્ચયાત્મક ઉલ્લેખ જોવા જાણવામાં નથી, બાકી યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિના ૨૨૩ અ પત્રમાં જે નીચે મુજબની—

"**प्रणिपातदण्डकानन्तरं चातीतानागतवर्त्तमानजिनवन्दनार्थं केचिदेतां गाथां पठन्ति**"

---

૧. આ લેખ જૈન પત્રના ૨૩-૨-૩૬ના અંકમાં તેમજ જૈનધર્મપ્રકાશ ૫૦ના ૧૨મા અંકમાં પણ પ્રસિદ્ધ થયેલો છે.

૨. ઉત્તરજ્ઝયણસુત્ત (ઉત્તરાધ્યયનસૂત્ર)ના ત્રીજા, ચોથા, સાતમા, દશમા અને ૨૯મા અધ્યયનનાં નામ પણ 'આદાનપદ'નાં ઉદાહરણ પૂરાં પાડે છે.

૩. આ સંબંધમાં જુઓ "ભક્તામર-કલ્યાણમંદિર-નમિઊણસ્તોત્રત્રયમ્"ની મારી સંસ્કૃત ભૂમિકા તેમજ એની ગુજરાતી પ્રસ્તાવના (પૃ૦ ૧૧-૧૨).

૪. 'જીવદયાણં' પછી બોહિદયાણં તેમજ 'ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં' પછી 'દીવોતાણં સરણં ગઈ પઈટ્ઠા' એ બંને પાઠનો પ્રચલિત 'નમુત્થુણં'માં પ્રાય: સમાવેશ કરાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોંધ છે, એ ઉપરથી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના સમયમાં એ ગાથા બોલાતી હોવાનું પ્રતીત થાય છે.

શ્રી વર્ધમાનસૂરિકૃત આમારદિનકરના ૨૬૬ બ પત્રમાં નીચે મુજબનો ઉલ્લેખ છેઃ—

"अग्रतो गाथा च गीतार्थमुनिभिः प्रोक्ता कथ्यते"

આ ઉપરથી આ ગાથા કોઈ ગીતાર્થ મુનિએ રચી હોવાનો પ્રઘોષ હોય એમ સમજાય છે.

**ભાષા**—જેમ જૈનોનાં મૂળ સૂત્ર પ્રાયઃ અર્ધમાગધી ભાષામાં છે તેમ નમુત્થુણં પણ અર્ધમાગધી ભાષામાં રચાયેલું જણાય છે.

**સંપદા અને આલાપક**—શક્રસ્તવમાં વિશ્રામભૂમિરૂપ નવ સંપદા છે અને તેત્રીસ[૫] આલાપક છે. યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિના ૨૧૬ બ પત્રગત નિમ્નિલિખિત અવતરણ આ વાતની સાક્ષી પૂરે છેઃ—

"दो तिअ चउर ति पंचा दोन्नि अ चउरो य हुन्ति तिन्ने य।
सक्कथए नव संपय तित्तीसं होन्ति आलावा ॥"

આ ઉપરથી સમજાય છે કે બે, ત્રણ, ચાર, પાંચ, પાંચ, પાંચ, બે, ચાર, અને ત્રણ એમ અનુક્રમે આલાપકો ભેગા લેતાં નવ સંપદા થાય છે. એનાં નામ યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં સૂચવવામાં આવ્યાં છે.

શ્રાવક ભીમસિંહ માણેકે શ્રી પંચપ્રતિક્રમણસૂત્રમાં નીચે મુજબ નવ સંપદા ગણાવી છે:—

(૧) સ્તોતવ્યસંપદા, (૨) સામાન્યહેતુસંપદા, (૩) વિશેષહેતુસંપદા, (૪) ઉપયોગસંપદા, (૫) ઉપયોગને વિષે હેતુસંપદા, (૬) સ્તોતવ્યસંપદાને વિષે વિશેષયોગસંપદા, (૭) સ્વરૂપહેતુસંપદા, (૮) નિજસમફલદસંપદા અને (૯) મોક્ષસંપદા.

**આચારદિનકર**ના ૨૬૭ મા પત્રમાં શક્રસ્તવમાં દશ સંપદા છે એવો ઉલ્લેખ છે, જો કે ત્યાં અવતરણરૂપે આપેલી નીચે મુજબ ગાથામાં નવ ગણાવેલ છેઃ–

"अरिहं १ आइग २ पुरिसे ३ लोगो ४ भय ५ धम्म ६ अप्प ७ जिण ८ सव्वा ९। [६]सक्कत्थयसंपयाणं पढमुल्लिंगपया नेया ॥"

**વિષય**—પ્રચલિત શક્રસ્તવ પર્યંતના પાઠનો વિષય વિવિધ વિશેષણોથી વિભૂષિત એવી ભાવ-અરિહંત પ્રભુની સ્તુતિ છે. અને એની પછીની ગાથા દ્રવ્ય-અરિહંતની તેમજ ભાવ-અરિહંતની વંદનારૂપ છે.

**ઉપયોગ**—પજ્જુસણાકપ્પ અનુસાર શક્રે એનો ઉપયોગ કર્યો છે. આ સૂત્રને ચૈત્યવંદનમાં સ્થાન અપાયેલું હોઈ એ ક્રિયા કરતી વેળા એનો ઉપયોગ કરાય છે.

---

૫. લલિતવિસ્તરામાં ૩૨ આલાપકનો ઉલ્લેખ હોય એમ સ્ફુરે છે. પુસ્તક સામે નહિ હોવાથી એનો નિર્ણય કરવો બાકી રહે છે.

૬. મુદ્રિત આવૃત્તિમાં 'શકચ્છય' પાઠ છે. તે અશુદ્ધ છે એટલે અહીં એ સુધાર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉલ્લેખ અને વિવરણ**—ઉવવાઇયસુત્ત (ઔપપાતિકસૂત્ર)ના વીસમા સૂત્રમાં શક્રસ્તવનો પાઠ છે અને શ્રીમલયગિરિસૂરિકૃત ટીકામાં એનું વિવરણ છે. પજ્જુસણાકપ્પમાં આ જ શક્રસ્તવનો પાઠ છે અને એ પજ્જુસણાકપ્પના વિવરણરૂપ સાહિત્યમાં એનું વિવરણ ઉપલબ્ધ થાય છે. વિશેષમાં શ્રી યાકિનીમહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત શ્રી હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરામાં, યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં, આચાર દિનકરના ૨૬૫અ થી ૨૬૬અ સુધીનાં પત્રમાં એનું વિવરણ છે.

શક્રસ્તવની સંસ્કૃત છાયા પંચપ્રતિક્રમણસૂત્રની કેટલીક ચોપડીઓમાં છે. એ ઉપરાંત 'ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા' તરફથી પ્રસિદ્ધ થયેલ ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્રના પ્રથમ પર્વના અંગ્રેજી ભાષાંતર (પૃ૦ ૧૨૭)માં પાદનોંધ તરીકે એ છાયા રોમન (અંગ્રેજી) લિપિમાં ઉપલબ્ધ થાય છે. વિશેષમાં એના આ ભાષાંતરમાં એનો અંગ્રેજી અનુવાદ પણ છે. પજ્જુસણાકપ્પના પ્રો૦ હર્મણ યકોબીએ કરેલા ભાષાંતરમાં પણ એ અનુવાદ છે. શ્રી સિદ્ધસેન દિવાકરે રચેલ મનાતા અને જિનસહસ્રનામથી પણ પરિચિત બનેલ શક્રસ્તવમાં પ્રસ્તુત શક્રસ્તવનો ભાવ જોવાય છે.[૭] વળી શક્રસ્તવનો સંસ્કૃતમાં ભાષા-અનુવાદ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પ. ૧૦, સ. ૨, શ્લો. ૭૧–૭૬)માં નજરે પડે છે.

ગુજરાતી અનુવાદ પંચપ્રતિક્રમણસૂત્રોની ચોપડીઓમાં ઉપલબ્ધ થાય છે,[૮] અને હિંદી અનુવાદ આગ્રાથી પ્રસિદ્ધ થયેલી ચોપડીમાં છે.

**મુદ્રા**—ચૈત્યવંદન કરતી વેળા અમુક અમુક સૂત્ર બોલતાં અમુક અમુક મુદ્રા હોવી જોઈએ, એ પ્રમાણે નમુત્થુણં બોલતાં કઈ મુદ્રા રાખવી તે સંબંધમાં મહાનિસીહસુત્ત (મહાનિશીથસૂત્ર) ના ત્રીજા અધ્યયનમાં,[૯] લલિતવિસ્તરામાં અને યોગશાસ્ત્રની સ્વોપજ્ઞવૃત્તિના પત્રમાં 'યોગમુદ્રા' નો[૧૦] નિર્દેશ છે.

આ પ્રમાણેના ઉલ્લેખ હોવા છતાં કેટલાક અન્ય પ્રરૂપણા અને પ્રવૃત્તિ કરતાં જોવાય છે. તેઓ ડાબો જાનુ ઊંચો રાખીને અને જમણો જાનુ ભૂમિને લગાડીને શક્રસ્તવ બોલવું એવું વિધાન કરે છે.[૧૧] આમ કરવામાં તેઓ પજ્જુસણાકપ્પગત નિમ્નલિખિત-

"**वामजाणु अंचेइ दाहिणजाणु धरणितलंसि कट्टु**"

પાઠને આધારભૂત ગણતા હોય તો એ તેમની ભૂલ છે એમ કહેવાય છે.[૧૨] વાસ્તે

૭. જુઓ "ભક્તામર-કલ્યાણમંદિર-નમિઊણસ્તોત્રત્રયમ્"ની મારી આવૃત્તિ (પૃ ૨૪૨-૨૪૫)

૮. હાલમાં શ્રીરાયપસેણઈયસુત્તનો પં૦ બેચરદાસ જીવરાજ દોશીએ જે અનુવાદ કર્યો છે અને જે પૂજ્ય શ્રીલાધાસ્વામીજી સ્મારક ગ્રંથમાળાના ૨૪મા મણકા તરીકે પ્રસિદ્ધ થયો છે તેના અગ્યારમા પૃષ્ઠમાં શક્રસ્તવનો ગુજરાતીમાં અનુવાદ છે.

૯. જુઓ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલી શ્રીપ્રતિક્રમણસૂત્ર (પૃ. ૬૧).

૧૦. બે ઢીંચણ ભૂમિ ઉપર લગાડી બંને હાથની આંગળીઓ માંહેમાંહે ભેરવી ડોડાના આકારે બે હાથ કરી પેટ પર હાથની કોણી રાખવી તે 'યોગમુદ્રા' કહેવાય છે. આના ચિત્ર માટે જુઓ આર્હત જીવન જ્યોતિના પાંચમા વિભાગરૂપ પાંચમી કિરણાવલી.

૧૧. જુઓ થોડા વખત ઉપર બહાર પડેલ "ષડાવશ્યકસૂત્રાણિ."

૧૨. જુઓ જૈનધર્મપ્રકાશ (વ. અં. પૃ.).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગમુદ્રાએ શક્રસ્તવ ન બોલવું, પરંતુ અન્ય મુદ્રાપૂર્વક જ એ બોલવું જોઈએ એમ જો તેઓ માનતા હોય તો પોતાની માન્યતાની સિદ્ધિમાં જે કોઈ પ્રમાણ રજુ કરી શકાય તેમ હોય તે સ્પષ્ટરૂપે રજુ કરવા મારી તેમને સાદર વિજ્ઞપ્તિ છે.

**નાયાધમ્મકહા** (જ્ઞાતાધર્મકથા) માં શ્રી ધર્મરુચિ અનગાર અંતિમ આરાધના કરતી વેળા પર્યંકાસને નમુથ્થુણં બોલ્યા હતા એ વાત ખરી છે, પરંતુ તેમ કરવામાં શરીરમાં વિષ વ્યાપી જવાથી ઉદ્‌ભવેલી અશક્તિને કારણ ગણવામાં આવે છે?

**પાઠભેદ**—નમુત્થુણં સૂત્ર સર્વત્ર એક સરખું બોલાતું જોવાતું નથી, અર્થાત્ એમાં પાઠભેદ છે. જેમકે 'નમુત્થુ ણં' ને બદલે 'નમોત્થુ ણં' અને 'બોહિદયાણં'ને બદલે 'જીવદયાણં'. લલિતવિસ્તરાવાળી મુદ્રિત પ્રતિમાં નમોત્થુ ણં અને બોહિદયાણં એ પાઠ છે એટલું જ નહિ, પણ બોહિદયાણં એ પાઠની જ વ્યાખ્યા છે, નહિ કે જીવદયાણંની. સુબોધિકાસહિતની પજ્જુસણાકપ્પ (કલ્પસૂત્ર) ની આત્માનંદ સભા તરફથી છપાયેલી પ્રતિમાં 'નમુત્થુ ણં' અને 'જીવદયાણં' એમ પાઠ છે, અને સુબોધિકામાં બોહિદયાણંનો પાઠાંતર તરીકે ઉલ્લેખ કરી તેનો અર્થ અપાયો છે આ ઉપરાંત આ પ્રતિમાં 'દીવોત્તાણં સરણં ગઈ પઈટ્ઠા' એવો પાઠ અપ્પડિહયસાસણં પૂર્વે અપાયેલ છે તેમજ સુબોધિકામાં એનો અર્થ કરાયો છે, જ્યારે આ પાઠ લલિતવિસ્તરાવાળી પ્રતિમાં નથી તેમજ ત્યાં એની વ્યાખ્યા પણ મળતી નથી.

જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ સવૃત્તિક યોગશાસ્ત્રની પ્રતિમાં નમોત્થુ ણં અને બો હિદયાણં એમ પાઠ છે. વળી ત્યાં પણ લલિતવિસ્તરાવાળી મુદ્રિત પ્રતિમાંની પેઠે 'દીવોત્તાણં સરણં ગઈ પઈટ્ઠા' એ પાઠ તેમજ એની વ્યાખ્યા પણ નથી. આનું શું કારણ હશે એ સંબંધમાં તજ્જ્ઞોને પોતાનું વક્તવ્ય રજુ કરવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

શ્રી રાયપસેણઇયસુત્તના પૂર્વોક્ત અનુવાદવાળા પુસ્તકના અંતમાં અપાયેલાં ટિપ્પણોમાં પં. બેચરદાસે ૧૭૩મા પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"શક્રસ્તવમાં વા ભગવાનનો પરિચય આપતા વર્ણકમાં ઘણા પાઠભેદો માલૂમ પડે છે. કેટલેક સ્થળે 'જિણ' પછી 'જાવય' શબ્દ આવે છે ત્યારે કયાંય કયાંય 'જાવય'ને બદલે 'જાણય' પદ દેખાય છે. વિશેષ વિચાર કરતાં 'જાણય'ને બદલે 'જાવય' પાઠ વધારે સુસંગત છે. 'તિન્નાણં તારયાણં' વગેરે વિશેષણો જોતાં 'જાવયાણં' પાઠ જ બરાબર છે.

"આ ઉપરાંત એ શક્રસ્તવમાં બીજા અનેક પાઠભેદો છે."

આ પ્રમાણે સાધનાદિ અનુસાર 'નમુત્થુણં' વિષે મેં જે અત્ર ઉહાપોહ કર્યો છે તેમાં કોઈ સ્ખલના જણાય કે કોઈ હકીકત ઉમેરવા જેવી જણાતી હોય તો તે સૂચવવા તજ્જ્ઞોને સાદર વિનવતો હું વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શન

લેખક
આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી

( ગતાંકથી ચાલુ )

## સમ્યગ્દર્શન પામવાની સંક્ષિપ્ત પ્રણાલિકા-પદ્ધતિ

પ્રથમ સમ્યગ્દર્શન પામનારા ભવ્ય જીવો પરિણામ અર્થવાળાં ત્રણ કરણો કરે છે: ૧ યથાપ્રવૃત્તિકરણ, ૨ અપૂર્વકરણ અને ૩ અનિવૃત્તિ કરણ. તેમાં યથાપ્રવૃત્તિકરણનું સ્વરૂપ ટુંકામાં આ પ્રમાણે સમજવું:- જન્મ, ઘડપણ, અને મરણ તથા સંસારની વિવિધ ઉપાધિયોરૂપી જલ તરંગોથી ભરેલા એવા ભયંકર અપાર સંસારરૂપી સમુદ્રમાં મિથ્યાત્વ મોહનીયાદિક કર્મોની પ્રેરણાથી, અનંત પુદ્ગલપરાવર્ત્તકાલ સુધી, અવ્યવહાર રાશિ સૂક્ષ્મ નિગોદના ભવોમાં ઘણાં શારીરિક અને માનસિક અસહ્ય દુઃખોને ભોગવતાં ભોગવતાં અકામ નિર્જરાદિ હેતુઓના પ્રતાપે વ્યવહાર રાશિમાં દાખલ થયેલા જીવને, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ આ પાંચ કારણોમાંના કોઈ પણ કારણને લઈને તથા ભવ્યત્વ દશાનો પરિપાક થવાથી જે અધ્યવસાયો પ્રકટ થાય તે યથાપ્રવૃત્તિકરણ કહેવાય છે. આ કરણને પામેલા જીવો ઘણાં સાગરોપમ કોડાકોડી પ્રમાણ લાંબી કર્મોની વિવિધ સ્થિતિઓને અલ્પ કાલમાં નાશ કરે છે. એટલે પાંચમા આયુષ્યકર્મ સિવાય જ્ઞાનાવરણીય વગેરે સાત કર્મો પૈકી દરેક કર્મને પલ્યોપમના અસંખ્યતમા ભાગે કરી ન્યૂન ( ઓછા એવા ) એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિવાલા કરે છે. એટલે બાકીની જુદા જુદા પ્રકારની લાંબી સ્થિતિઓનો નાશ કરી સાતે કર્મોની પણ અન્તઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કરવી, એ આ યથાપ્રવૃત્તિકરણનું કાર્ય ( ફલ ) છે. બીજા ગ્રંથોમાં એમ પણ કહ્યું છે કે-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિવાળા જે ઉત્તમ અધ્યવસાયો તે યથા-પ્રવૃત્તિકરણ કહેવાય. અને આમાં આગળ આગળના સમયોમાં પાછળ પાછળના સમયમાં થયેલા નિર્મલ અધ્યવસાયો કરતાં વધારે સારા અધ્યવસાયો પ્રકટે, એ આ કરણનું ફલ સમજવું.

જો કે સ્થૂલ દૃષ્ટિએ વિચાર કરતાં ઢાંકવા લાયક મૂલ ( મુખ્ય ) ગુણો આઠ હોવાથી મૂલ કર્મો આઠ છે, છતાં આયુષ્યની, બીજા કર્મોની સ્થિતિની અપેક્ષાએ, અલ્પ સ્થિતિ હોવાથી આ પ્રસ્તાવે તે ( આયુષ્ય )નું વર્જન કરી સાત કર્મો લીધાં છે. તથા ઉપર જણાવ્યા મુજબ વિવિધ સ્થિતિઓનો નાશ ( ઘટાડો ) કરવાનું કારણ એ છે કે-જેમ લુગડાની ઉપર ઘીનો ડાઘ લાગ્યો હોય તો તેની ઉપર ચીકાશને લઈને ઘણી ધૂળ ચોંટવાથી તે ડાઘ જોઈ શકાય નહીં, ધૂળ જો ખસે તો જ ડાઘ દેખાય, તેવી રીતે વિવિધ, લાંબી કર્મ સ્થિતિઓ (રૂપી ધૂળ ) આ કરણથી જ્યારે દૂર ખસે ( નાશ પામે ), ત્યારે ભવિષ્યમાં બીજા અપૂર્વકરણથી ભેદવા લાયક ( એવી ) ગ્રંથિ ( રૂપ ડાઘ ) સ્પષ્ટ જોઈ શકાય છે. તાત્પર્ય એ કે જેમ વિજયને ચાહનાર સુભટ શત્રુને જોયાબાદ હણીને વિજય મેળવે છે, તેમ અનિવૃત્તિકરણને ચાહનારો જીવ પ્રથમ કરણે કરી ગ્રંથિને જોયા બાદ હણીને અનિવૃત્તિકરણ પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—જે કર્મ (૩૦ કોડાકોડી સાગરોપમ વગેરે) જેટલી સ્થિતિવાળું બાંધ્યું હોય, તે કર્મ ખરી રીતે તેટલા કાલ સુધી ભોગવવું જોઈએ, અને પહેલાં તો એમ કહ્યું કે-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અધ્યવસાયોના સમૂહ સ્વરૂપ યથાપ્રવૃત્તિકરણે કરી લાંબી સ્થિતિઓનો નાશ થાય. એ બીના કેવી રીતે ઘટી (સંભવી) શકે? અને જો તેમ ઘટે તો બાંધેલ સ્થિતિ પ્રમાણે તે કર્મ તેટલા ટાઈમ સુધી અનુભવાતું (ભોગવાતું) નહિ હોવાથી પહેલો **કૃતનાશ** નામનો દોષ લાગુ પડશે. અને ઓછી સ્થિતિ (કાળ) વાળું તો તે કર્મ બાંધ્યું નથી, છતાં થોડા ટાઈમમાં ભોગવે છે તેથી **અકૃતાગમ** નામનો પણ દોષ લાગુ પડશે, તો આ બે દોષોનો ઉદ્ધાર કઈ રીતે કરવો જોઈએ?

**ઉત્તર**—આ પ્રશ્નનો જવાબ શ્રીજૈનેન્દ્ર-આગમ પ્રમાણાદિના આધારે આ પ્રમાણે જાણવો: શ્રીગણધર ભગવંતોએ ત્રિપુટીશુદ્ધ પવિત્ર અંગોમાં અધ્યવસાયની એવી અપૂર્વ તાકત વર્ણવી છે કે-જેને લઈને અશુભ (ખરાબ) અધ્યવસાયો વધતા પ્રમાણમાં હોય, તો અંતર્મુહૂર્ત્ત જેવા થોડા ટાઈમમાં પણ કેટલાએક જીવો સાતમી નરકને લાયક પણ કર્મદલિકો એકઠાં કરે છે. આ બાબત સુગૃહીતનામધેય પ્રાતઃસ્મરણીય શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત પરિશિષ્ટ પર્વથી જાણી લેવું. તથા જો સારા અધ્યવસાયો હોય તો થોડા ટાઈમમાં પરમ પદ પણ મેલવી શકે છે. જુઓ દૃષ્ટાંત શ્રી કલ્પસૂત્રમાં કહેલું-શ્રી મરૂદેવામાતા વગેરેનું. એ જ આશયથી ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીશ્વરે પણ કહ્યું છે કે **"मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः"** (મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ મન જ છે.)

એજ અધ્યવસાય વિશેષથી પ્રાયે અનિકાચિત (શિથિલ બંધવાળા) એવા ઘણાંયે કર્મોના સ્થિતિરસની અપવર્ત્તના (ઘટાડો) થાય છે. તથા જ્ઞાનપૂર્વક ક્ષમાપ્રધાન તીવ્ર (ધ્યાનાદિસ્વરૂપ) તપશ્ચર્યા કરવાથી નિકાચિત (મજબૂત) બંધવાલાં કર્મોના સ્થિતિ-રસનો પણ ઘટાડો થઈ શકે છે. જુઓ આ બાબતનો પુરાવો—

**सव्वपगईणमेवं, परिणाम वसादु(उ)वक्कमो होज्जा॥**
**पायमनिकाइयाणं, तवसाओ निकाइयाणंपि ॥ १ ॥**

**અર્થ**—ઘણું કરીને અનિકાચિત બંધવાલી તમામ કર્મપ્રકૃતિયો (ના સ્થિતિરસ)નો એ પ્રમાણે પરિણામના યોગે ઘટાડો (ઓછાશ) થઈ શકે છે. તાત્પર્ય એ કે-જેમ ઘણાં વખતસુધી ચાલે તેટલું પુષ્કલ અનાજ પણ ભસ્મક (એક જાતનો ક્ષય) રોગવાળો કોઈ માણસ થોડા ટાઇમમાં ખાઈ જાય, તેથી તે ધાન્યની ચાલુ સ્થિતિનો નાશ થતો નથી, પરંતુ રોગના જોરથી પુષ્કલ અનાજ થોડા વખતમાં ખવાઇ ગયું, તેવીજ રીતે ઘણાં સાગરોપમ જેવા લાંબા વખત સુધી ભોગવવા લાયક કર્મો પણ, સારી ભાવનાના પ્રતાપે, થોડા સમયમાં ભોગવાય છે. તથા જેમ આંબાનાં ફલ (કેરી) વગેરેને ખાડામાં નાંખી ઉપર (નો ભાગ) ઘાસ વગેરેથી ઢાંકી રાખિયે, તો તે ફલ વગેરે થોડાં જ ટાઈમમાં પાકી જાય છે, તેવી રીતે તેવા પ્રકારનાં અનિકાચિત કર્મો પણ અધ્યવસાય (વગેરે સાધનો) ના સંબંધથી અલ્પ કાલમાં ભોગવાય એમાં કોઈ પણ જાતનો દોષ (વિરોધ) સંભવે જ નહી. આવા અનેક વિશાલ આશયોને ધ્યાનમાં લઈને જ પૂજ્ય શ્રી ચંદ્રમહત્તર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ ભગવંતોએ પણ કર્મપ્રવાદપૂર્વને અનુસરીને બનાવેલા શ્રી પંચસંગ્રહ વગેરે અપૂર્વ કર્મ તત્ત્વજ્ઞાનના અનેક ગ્રંથોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે **અબાધા કાલનું** અને ઉદયાવલિકામાં આવતા વિવિધ કર્મોની નિષેકરચનાનું સવિસ્તર વર્ણન કર્યું છે.

કર્મોને ભોગવવાના સંબંધમાં એ પણ સમજવું જ જોઈએ કે સાંસારિક જીવ વડે મિથ્યાત્વાદિ હેતુઓની મદદથી જે કરાય તે કર્મ કહેવાય. જુઓ. **"कीरइ जीएण हेऊहिं जेणं तो भण्णए कम्मं"** ॥ આ કર્મના ચાર ભેદો છે: १ પ્રકૃતિ, २ સ્થિતિ, ३ રસ અને ४ પ્રદેશ [ જુઓ–**पयइठिइरसपएसा तं चउहा** ] તેમાં દરેક કર્મના દલિયાઓ તો જરૂર ભોગવવા જ જોઈએ અને એ જ આશયથી કહ્યું પણ છે કે:—

**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥**
**नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटीशतैरपि ॥ १ ॥**

અર્થ–બાંધેલાં સારાં અથવા ખરાબ કર્મો ( પ્રદેશોની અપેક્ષાએ ) જરૂર ભોગવવાં જ જોઈએ, પરંતુ સો કરોડ કલ્પ ( દીર્ઘકાલ વિશેષ ) જેવા લાંબા કાલે પણ ભોગવ્યા સિવાય કર્મોનો ક્ષય થાય નહિ. અને શ્રી કર્મપ્રકૃતિ વગેરે શાસ્ત્રોમાં જે અપવર્તના કહી છે, તે કર્મદલિકોમાં રહેલા રસની અને રસાધીન સ્થિતિની અપેક્ષાએ જાણવી. આવા જ આશયથી સરસ્વતીનું વરદાન મેળવનાર અને વ્યવહારાદિ સૂત્રોની ટીકાઓ બનાવનારા આચાર્ય શ્રી મલયગિરિજી મહારાજાએ શ્રી સમવાયાંગ સૂત્રના ઉપાંગ શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં કહ્યું છે કે: બે રીતે કર્મ ભોગવાય છે: એક તો પ્રદેશથી અને બીજી રીતે રસથી. તેમાં પ્રદેશ ( કર્મ ) ની અપેક્ષાએ દરેક કર્મ અવશ્ય ભોગવવું પડે છે, અને રસની અપેક્ષાએ વિકલ્પે કર્મ ભોગવાય છે. એટલે કર્મનો રસ નિકાચિત હોય તો ભોગવાય, અને અનિકાચિત હોય તો ન પણ ભોગવાય, કારણકે નિર્મલ અધ્યવસાયોના પ્રતાપે તે તે કર્મના રસની અપવર્ત્તના ( ઘટાડો ) થાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી શુભ પરિણામથી સ્થિતિરસની અપવર્ત્તના થાય, તેમાં કૃતનાશાદિ દોષ ( વિરોધ ) કહી શકાય જ નહિ. કારણકે તેવા પ્રકારના નિર્મલ અધ્યવસાયોના પ્રતાપે રસનો ક્ષય ( નાશ ) થાય તો તેમાં ગેરવ્યાજબીપણું છે જ નહિ. જેવી રીતે સૂર્યનાં કિરણોનો તાપ લાગવાથી શેલડીમાં રહેલો રસ સૂકાઈ ( નષ્ટ–ક્ષીણ થઈ ) જાય છે, તેમાં કૃતનાશ અને અકૃતાગમ નામના દોષો હોય જ નહિ, તેવી રીતે ઉપર જણાવ્યા મુજબ રસનો ક્ષય થાય તેમાં પણ બંને દોષોમાંનો એક પણ ઘટી શકે જ નહિ તથા દરેક કર્મની સ્થિતિ પણ કર્મ દલિકોમાં જેટલા પ્રમાણમાં રસ હોય, તેને અનુસારે જ નિયમિત હોવાથી શાસ્ત્રકાર ભગવંતે રસાધીન સ્થિતિ કહી, તે વ્યાજબી જ છે. માટે જ અનુભવદ્વારા સ્પષ્ટ શબ્દોમાં, પૂછનારને કહી દેવું જોઈએ કે રસના નાશથી સ્થિતિનો અવશ્ય નાશ થાય, તેમાં કોઈ પણ જાતનો વિરોધ હોઈ શકે જ નહિ.

વળી સમજવા જેવી બીના એ છે કે—જે કર્મ જેવી રીતે ( જેટલી સ્થિતિનું ) બાંધ્યું હોય તે કર્મ તેવી રીતે જ ( તેટલા ટાઈમ સુધી જ ) ભોગવવું જોઈએ, એવો નિયમ સ્યાદ્વાદશૈલી પ્રમાણે હોઈ શકે જ નહિ. જો તેમ હોય તો પ્રભુની પૂજા કરવી, વિવિધ તપશ્ચર્યા કરવી, વગેરે ઉત્તમ અનુષ્ઠાનો અશુભ ( પાપ ) કર્મોનો ક્ષય કરવામાં અસમર્થ નીવડશે, જેથી પૂજા વગેરે વ્યર્થ થઈ જાય. પરંતુ પ્રભુદેવનું પરમ પવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવચન તેમ કહેતું જ નથી. તે તો એમ કહે છે કે—પ્રભુ પૂજાદિ અનુષ્ઠાનો લાંબી સ્થિતિવાળાં કર્મોને પણ અલ્પકાળમાં હઠાવી શકે છે, માટે તેવી ક્રિયા કર્યા વિના આત્માનું કલ્યાણ છે જ નહિ. વળી બાંધ્યા પ્રમાણે કર્મ ભોગવાય જ, એમ માનવામાં બીજો પણ અનિષ્ટ વિરોધ એ આવશે કે—તે ભવમાં મુક્તિગામી જીવોને પણ પૂર્વ કર્મો તે તે વિપાકોદય સ્વરૂપે ભોગવતાં ભોગવતાં પણ, સમયે સમયે ઘણાં નવાં નવાં કર્મો બંધાતાં હોવાથી, તેમની મુક્તિ ન થવી જોઈએ, પણ તેમ તો છે જ નહિ. તેવા તદ્ભવ મુક્તિગામી જીવો તો અનંતા પૂર્વ કાલમાં થોડાકાલમાં કર્મોને ખપાવી મુક્તિપદ પામ્યા છે, વર્તમાનમાં ચોથા આરાના સુખવાળા મહાવિદેહ ક્ષેત્રમાં પામે છે અને ભવિષ્યમાં પણ શ્રી પદ્મનાભાદિ તીર્થંકરોના શાસનમાં પરમ પદ પામશે એમ આગમ, યુક્તિ અને અનુભવગમ્ય વસ્તુસ્થિતિનો જાણકાર પ્રશ્નકાર જરૂર સમજશે કે-કોડાકોડી સાગરોપમ પ્રમાણે લાંબી સ્થિતિવાળાં કર્મો પણ થોડા ટાઈમમાં નીરસપણે પ્રદેશથી ભોગવાય છે. તે જ કારણથી અસંખ્યાતા ભવોમાં તેવા પ્રકારના વિચિત્ર અધ્યવસાયોથી જુદી જુદી ગતિમાં રઝળાવનારાં, બાંધેલાં કર્મો તે (વર્તમાન–છેલ્લા) ભવમાં પણ સત્તામાં હોય, છતાં પ્રબલ નિર્મલ અધ્યવસાયોના પ્રતાપે તે બાંધેલાં બધાં કર્મોનો ક્ષય થઈ શકે છે. તથા જે કર્મ, બાંધવાના ટાઈમે, તેવા પ્રકારની રસાપવર્ત્તનાને લાયક જો બાંધ્યું હોય તો તે કર્મ તેવી રીતે નીરસ ભોગવાય, એમાં લગાર પણ આશ્ચર્ય નથી, કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવ અને ભવ; આ પાંચ (ક્ષયોપશમાદિનાં) કારણોમાંના કોઈ પણ કારણથી થતા કર્મોના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ જેવી રીતે જુદી જુદી જાતના હોય છે, તેવી રીતે જેમની મદદથી કર્મો બંધાય છે તેવા અધ્યવસાય સ્થાનકો જુદી જુદી જાતનાં હોવાથી સ્થિતિ અને રસનો ઉપક્રમ (ઘટાડો) કરાવી શકે છે. તાત્પર્ય એ કે—અસંખ્યાતા લોકાકાશના પ્રદેશોની જેટલાં, તે ઉપર જણાવેલાં અધ્યવસાય સ્થાનકોમાં કેટલાંએક અધ્યવસાય સ્થાનકો (જેમાં સ્થિતિરસનો ઘટાડો થઈ શકે એવાં) સોપક્રમ કર્મ બંધમાં કારણ છે, અને કેટલાએક અધ્યવસાય સ્થાનકો નિરૂપક્રમ (જેના સ્થિતિરસનો ઘટાડો ન થઈ શકે એવાં) કર્મબંધને ઉત્પન્ન કરનાર છે. માટે જે કર્મ જેવા અધ્યવસાય (પરિણામ)થી બાંધ્યું હોય તે કર્મ તેવી રીતે ભોગવાય. (અનુભવાય) આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી કૃતનાશ અને અકૃતાગમ દોષો સ્થિતિ બંધમાં કહી શકાય જ નહિ.

આ પ્રસંગે એ પણ વિચાર ન જ ભૂલવો જોઈએ કે એક બાબતમાં જો કારણો જુદાં જુદાં હોય તો કાલભેદ દેખાય છે જેમ ઘણા શિષ્યો એક જ શાસ્ત્રનો સાથે અભ્યાસ કરતાં હોય, છતાં પણ બુદ્ધિની તરતમતાથી કેટલાએક તીવ્ર બુદ્ધિશાલી શિષ્યો થોડા ટાઈમમાં એ શાસ્ત્ર ભણી શકે છે અને સામાન્ય બુદ્ધિવાલા શિષ્યોને તે જ શાસ્ત્ર ભણતાં ઘણો ટાઈમ લાગે છે. જેમ અહીં કાલભેદ દેખાય છે, તેવી જ રીતે ઘણાં જીવોએ એક સરખી સ્થિતિવાળું કર્મ બાંધ્યું હોય, તેમાં પરિણામની તરતમતાથી અનુભવકાલ જુદો જુદો દેખાય છે. એટલે શ્રીવીતરાગ પ્રભુએ કહેલા પવિત્ર સંયમાદિ અનુષ્ઠાન સાધવાથી જેઓ સારા અધ્યવસાયવાળા હોય, તેઓ લાંબી સ્થિતિવાળાં કર્મોને થોડા ટાઈમમાં ભોગવે છે, અને હિંસાદિમાં આસક્ત હોવાથી અશુભ પરિણામવાળા જીવો તેવા લાંબી સ્થિતિવાળાં કર્મોને ઘણે ટાઈમે ભોગવે છે. (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दिगम्बर शास्त्र कैसे बने?

लेखक—मुनिराज श्री दर्शनविजयजी

( गतांक से क्रमशः )

## प्रकरण १३—भ० अकलंकदेव

दिगम्बर साहित्य में उल्लेख है कि आचार्य अर्हद्बलि ने युगप्रतिक्रमण ( आठवां प्रतिक्रमण ) में १०० योजन क्षेत्र के मुनिओं को सम्मिलित करके चार गच्छ विभाग किये (सुअखंधो, गा० ७७; श्रुतावतार, श्लोक ८४; हरिवंश पुराण, सर्ग ६६, श्लोक २५; नीतिसार, श्लोक ६; श्रवणबेलगोल शिलालेख नं० १०५ [२५४] )। जब कि श्रवणबेलगोल शिलालेख नं० १०८ में उत्कीर्ण है कि—

**तस्मिन् गते स्वर्गभुवं महर्षौ, दिवः यतीन्नन्तु(?)मिव प्रकृष्टान् ॥**
**तदन्वयोद्भूत मुनीश्वराणां, बभूवुरित्थं भुवि संघभेदाः ॥ १९ ॥**

श्र० बे० शि० १०८ ( रचना शक संवत् १३५५ ) से पता चलता है कि अकलंकसूरिजी ने मुनिसंघ को मिलाकर नंदि, सेन आदि ४ गच्छविभाग किये।

—स्वामी समंतभद्र, पृ० १८१

आ० अकलंकदेव विक्रम की आठवीं शताब्दी के उत्तरार्धकालीन दिगम्बर विद्वान् हैं। प्रसिद्ध विद्वान् डा० सतीशचन्द्र विद्याभूषण प्रभृति ने आपका समय शकाब्द ७५० अर्थात् वि० सं० ८०७ का निर्णीत किया है।

श्रीयुत नाथूरामजी प्रेमी के कथनानुसार आ० अकलंकदेव,* मान्यखेट ( मानखेडा ) के राजा साहसतुंग के मंत्री पुरुषोत्तम के पुत्र हैं। आपका समय विक्रम की आठवीं शताब्दी का उत्तरार्ध है। आपके शिष्य, प्रभाचन्द्र और विद्यानंदी थे।

—विद्वद्रत्नमाला, पृ० २३, २४

आपकी ग्रंथ-सृष्टि निम्न प्रकार है:—

अष्टशती ( आप्त मीमांसा का भाष्य ), राजवार्तिक ( तत्त्वार्थ सूत्र-सर्वार्थसिद्धि की १६००० श्लोक प्रमाण टीका ), लघीयस्त्रयी ( न्याय चूलिका वगैरह ३ ग्रन्थ ), बृहत्त्रयी ( १ सिद्धिविनिश्चय, २ न्यायविनिश्चय और ३ प्रमाणसंग्रह ), अकलंकस्तोत्र, अकलंक प्रायश्चित्त ( उपासकधर्म प्रायश्चित्त श्लोक ८८ ) और अकलंक प्रतिष्ठापाठ वगैरह।

* दिगम्बर समाजमें आपके नाम के अनेक आचार्य हुए हैं: १ भ० अकलंकदेव (श्र० बे० शि० नं० ४०, १०५, १०८), २ पंडित अकलंक (शि०नं० १६९), ३ वादीभसिंह अकलंक (शि०नं० ४१४)।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पुरातत्त्व के ज्ञाता विद्वानों का मन्तव्य है कि आपने राजवार्तिक की रचना में श्वेताम्बर जैन आगम का काफी सहारा लिया है।*

पं० गजाधरलालजी का मत है कि स्तोत्र, प्रायश्चित्त और प्रतिष्ठा आ० अकलंकदेव के नाम पर चढे हुए ग्रन्थ हैं। —तत्त्वार्थ राजवार्तिक, प्रस्तावना, पृ० ७

श्रीयुत पं० जुगलकिशोरजी मुख्तार "अकलंक-प्रतिष्ठापाठ" की जांच पडताल करते हैं :—"नतीजा इस सम्पूर्ण कथन का यह है कि विवादस्थ प्रतिष्ठापाठ, राजवार्तिक के कर्ता भट्टाकलंकदेव का बनाया हुआ नहीं है और न विक्रम की १६वीं शताब्दी के पहले का ही बना हुआ है। बल्कि उसकी रचना विक्रम की सोलहवीं शताब्दी या सत्रहवीं शताब्दी के प्रायः पूर्वार्ध में हुई है। अथवा यों कहिये कि वह वि० सं० १५०१ और १६६५ के मध्यवर्ती किसी समय का बना हुआ है।" ........"अथवा इसका निर्माण किसी ऐसे व्यक्ति ने किया है जो इस ग्रन्थ के द्वारा अपने किसी क्रियाकांड या मन्तव्य के समर्थनादि रूप कोई इष्ट प्रयोजन सिद्ध करना चाहते हों और इसलिए उसने स्वयं ही इस ग्रन्थ को बनाकर उसे भट्टाकलंकदेव के नाम से प्रसिद्ध किया हो और इस तरह पर यह ग्रन्थ भी एक जाली ग्रन्थ बना हो। परन्तु कुछ भी हो, इसमें सन्देह नहीं कि यह ग्रन्थ कोई महत्त्व का ग्रन्थ नहीं है।" —ग्रन्थपरीक्षा, भाग ३रा

अकलंक प्रायश्चित्त के लिये श्रीयुत नाथूरामजी प्रेमी ने जाहिर किया है कि "ये तत्त्वार्थ राजवार्तिक वगैरह महान् ग्रन्थों के कर्ता अकलंकदेव से भिन्न कोई दूसरे ही विद्वान् होंगे और आश्चर्य नहीं यदि अकलंक प्रतिष्ठापाठ के कर्ता ही इसके रचयिता हों। यह निश्चय हो चुका है कि अकलंक प्रतिष्ठापाठ के कर्ता १५वीं शताब्दी के बाद हुए हैं। (अकलंक प्रतिष्ठापाठ में आदिपुराण, ज्ञानार्णव, एकसन्धि-संहिता, सागारधर्म्मामृत, आशाधर प्रतिष्ठापाठ, ब्रह्मसूरि त्रिवर्णाचार और नेमिचन्द्र के प्रमाण उद्धृत किये गये हैं।)
—मा०दि०जै०ग्रं० प्रकाशित नं० १८, प्रायश्चित्तसंग्रह, प्रस्तावना पृ० ९। (क्रमशः)

---

* एवं हि व्याख्याप्रज्ञप्तिदण्डकेषूक्तम्, विजयादिषु देवा मनुष्यभवमास्कन्दन्तः कियतीर्गत्यागतीः कुर्वन्ति ? इति गौतमप्रश्ने भगवतोक्तं जघन्येनैको भवः आगत्या उत्कर्षेण गत्यागतिभ्यां द्वौ भवौ।
— सनातन जैन ग्रन्थमालामुद्रित "राजवार्तिक" पृ० १७५।

इस पाठ से उपर्युक्त कल्पना सप्रमाण मालूम होती है।

સૂત્રોમાં ગૌતમના પ્રશ્ન અને ભગવાન્ મહાવીરના ઉત્તરો એવી શૈલી ઘટમાન નથી. એથી એવી શૈલીવાળાં સૂત્રો દિગમ્બર સંપ્રદાય સમ્મત નથી.
—પં. ટોડરમલકૃત, મોક્ષમાર્ગપ્રકાશ.

[આ અકલંકદેવ ભગવાન્ મહાવીરસ્વામીના પ્રશ્નોત્તર થયાનું સ્વીકારે છે. પં. ટોડરમલજી એ શૈલીને નિષેધે છે. આ દિગમ્બર પંડિતોની બલિહારી જ છે ના ?]
—पं० बहेचरदास जी० दोशी सम्पादित, गुजराती भगवतीसूत्र भा० ४ की प्रस्तावना, पृ० २१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્હત મહાકવિ શ્રી ધનપાલનું આદર્શ જીવન

લેખક—મુનિરાજ શ્રી સુશીલવિજયજી

**सर्वज्ञं सुरपूज्यमाप्तप्रवरं संसारविच्छेदकं,**
**श्रीसिद्धार्थनृपाङ्गजं शुभकरं वीरं प्रणम्योज्ज्वलम् ।**
**धाराधीशसभामणेः कविमणेर्लीनस्य चार्हन्मते,**
**वच्मि श्रीधनपालनामककवेश्चित्रं चरित्रं मुदे ॥१॥**

માનવ જીવનની દરિયાથી સપાટના કિનારે, જગતના વિવિધ વિવિધ પ્રસંગે, અનેક છોળો આવીને અથડાય છે, અને બીજી પળે તે મહાન્ સમુદ્રની અંદર વિલીન થઈ જાય છે. જાણે છોળ તે જ સમુદ્ર અને સમુદ્ર તે જ છોળ? એ મહાન્ સમુદ્રની અંદર એવું કોઈ પણ સ્થાન નથી કે જ્યાંથી કોઈ નવીનતાનું તત્ત્વ ન જડે. જીવનમાં એવાં સ્થાનો અને એવી કોઈ વીરલ પળ ભાગ્યે જ આવે છે કે જેના સ્પર્શમાત્રથી ભૂત અને ભવિષ્યની મધુરી સ્મૃતિઓનું દિગ્દર્શન થાય! કાળની ગહન ગતિ છે કે એક વખતના બન્ને શત્રુઓ, કે જેને સામસામું જોતાં જ દૃષ્ટિની અંદર ઝેર વરસે છે, તે મિત્ર બની જાય છે. એક વખતે કોઈ પણ વસ્તુ પ્રત્યે અરુચિ હોય છતાં પણ કાળાંતરે તે જ વસ્તુ પર રુચિ થાય છે. એમ આખી દુનિયાનાં આન્દોલનોમાં, કાળના પરિપાકને લઈને, ક્ષણવારમાં પરિવર્તન થતાં વાર લાગતી નથી.

કવિ શ્રી ધનપાળ જે એક વખત મિથ્યાત્વરૂપી ગાઢ અંધકારથી વ્યાપ્ત હતા, મિથ્યાત્વના ગાઢ અંધકારને લઈને જેના હૃદયકમળમાં સમ્યક્ત્વ સૂર્યનો પ્રકાશ થયો ન હતો, અને જે **"हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम्"** એવું બોલનાર હતા તે પણ જે વખતે પોતાના સંસારીપણાના ભ્રાતૃ શોભનમુનિના પરિચયમાં આવ્યા, અને જ્યારે અનન્તા તીર્થંકર ભગવન્તો, ગણધરો, કેવળી ભગવન્તો, યુગપ્રધાનો, બહુશ્રુતધરો અને શાસનના મહાન્ ધુરંધર પૂર્વાચાર્યોએ પ્રતિપાદન કરેલ જૈનદર્શનના ઉંચા તત્ત્વજ્ઞાનથી વાકેફ બન્યા, ત્યારે તેમણે પોતાની વિચાર શ્રેણિને ક્ષણવારમાં પલટાવી નાખી.

શાસનની પ્રભાવના જેવું કોઈ અતુલ પુણ્ય નથી. અને તે પ્રભાવના કરનાર મહાનુભાવોને પ્રભાવક[1] તરીકે શાસ્ત્રોની અંદર વર્ણવેલા છે. શાસ્ત્રકાર ભગવન્તોએ પ્રભાવકોના આઠ ભેદો પ્રતિપાદન કરેલા છે, જેમાં આઠમા પ્રભાવક તરીકે કવિશિરોમણિ, શાસ્ત્રપારગામી અને શ્રી વિક્રમનૃપપ્રતિબોધક શ્રી સિદ્ધસેન દિવાકર વગેરેને વર્ણવેલા છે.

---

१. **पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।**
**विज्जासिद्धो य कवी, अट्ठेव पभावगा भणिया ॥६४८॥ प्रव. द्वार २३**
પ્રાવચનિક [વર્તમાનશ્રુતના જ્ઞાતા], ધર્મકથિક [નન્દિષેણ], વાદી [મલ્લવાદી], નૈમિત્તિક [ભદ્રબાહુસ્વામી], તપસ્વી [ઉત્કૃષ્ટ તપકરનાર], વિદ્યામન્ત્રવાળા [વજ્રસ્વામી], અંજનસિદ્ધ [કાલિકસૂરિ] અને કવિ [સિદ્ધસેન દિવાકર]: આ આઠે શાસનના પ્રભાવક કહેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો સિદ્ધાંતોની અંદર—અને ઐતિહાસિક અનેક ગ્રંથોની અંદર એવા મહાપુરુષોની યશોગાથા મુક્તકંઠે પ્રશંસાય છે.

અનેક ગુણગણાલંકૃત, પરમપૂજ્ય, અનેક ગ્રન્થપ્રણેતા, બાલબ્રહ્મચારી, વ્યાકરણ-વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, કવિરત્ન શ્રીમદ્ ગુરુરાજ વિજયલાવણ્યસૂરીશ્વરજી રચિત **ધર્મપરીક્ષા** ઉપરની **પરાગ** નામની નવીન ટીકા જોતાં મારા હૃદયની અંદર પરમાર્હત મહાકવિ શ્રી ધનપાલનું જીવનચરિત્ર લખવાની ભાવના જાગ્રત થઈ.

પરમાર્હત મહાકવિ ધનપાળ પણ વીતરાગ દર્શનના પ્રભાવક હતા, ભારતભૂમિના ચકમતા હીરા હતા, તેમના અચળ વિશ્વાસ પર સરસ્વતી પથ્ય (હિતકર) વચન પ્રેરતી હતી, મિથ્યાત્વરૂપ વિષને દૂર કરવામાં તેમની બુદ્ધિ સિદ્ધાગારૂપ હતી અને તેઓ સિદ્ધસારસ્વત[1] કવિ હતા, એટલું જ નહિ પણ સર્વશાસ્ત્રમાં નિષ્ણાત હતા. તેઓ ભોજરાજાની રાજસભાના એક શણગારરૂપ હતા. તિલક મંજરી વગેરે અનેક મહાન્ ગ્રંથોના તેઓ પ્રણેતા હતા. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિ મહારાજે પણ એક વખતે મહારાજા કુમારપાળની સમક્ષ તેમની પ્રશંસા કરી હતી, એટલું જ નહીં પણ પોતાના મહાન્ કોશની ટીકામાં "**व्युत्पत्तिर्धनपालतः**" એવું નીર્દેશી તે મહાકવિની વિદ્વત્તાનું ગાન કર્યું હતું. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ્ શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજીએ પણ ધર્મપરીક્ષાની અન્દર "**परमश्रावकेण धनपालेनाप्युक्तम्**" એ પ્રમાણે કહીને મહાકવિ શ્રી ધનપાલનું પરમશ્રાવકપણું વખાણ્યું હતું.

**કવિનો સમય**—મહાકવિ ધનપાલ મુંજ અને ભોજરાજના સમકાલીન હતા. શ્રી મુંજનો રાજ્યકાળ ઈ. સ. ૯૭૫ થી ૧૦૨૨ સુધી એટલે વિક્રમ સંવત્ ૧૦૩૧ થી ૧૦૭૮ સુધી હતો. સંવત ૧૦૧૮ના[2] મહાશુદ ૩ને રવિવારે શ્રી ભોજનો રાજ્યાભિષેક થયો.

ભોજરાજ સંસ્કૃત સાહિત્યનો અત્યંત પ્રેમી હતો અને તેની સભામાં આર્યાવર્ત્તના સર્વ સ્થાનોમાંથી કવિઓ અને વિદ્વાનો આવતા. રાજા યોગ્ય પુરુષોને સત્કારતો અને આદરપૂર્વક સન્માન આપતો. તેના આશ્રય નીચે સંખ્યાબંધ પંડિતો રહેતા અને સાહિત્યની સેવા—વૃદ્ધિ કરતા. પરમાર્હત મહાકવિ ધનપાલ તેની પરિષદ્નો વિદ્વદ્‌માન્ય પ્રમુખ અને રાજાનો પ્રગાઢ મિત્ર હતો.

બાલ્યાવસ્થાથી જ મહારાજા ભોજ અને મહાકવિ ધનપાલ પરસ્પર પરમ સ્નેહીઓ હતા. અને ભોજરાજની પ્રેરણાથી જ કવિ ધનપાલે તિલકમંજરીની રચના કરી હતી.[3]

(જુઓ પૃષ્ઠ ૬૧૪)

१. समस्यामर्पयामास "सिद्धसारस्वतः कविः"। प्र० म० प्र०

૨. "સંવત્ ૧૦૧૮માં ભોજ ગાદીએ આવ્યો" (પ્રાણલાલ ટી. મુનશી).

३. निःशेषवाङ्मयविदोऽपि जिनागमोक्ताः,
श्रोतुं कथाः समुपजातकुतूहलस्य ॥
तस्यावदातचरितस्य विनोदहेतो—
राज्ञः स्फुटाद्भुतरसा रचिता कथेयम् ॥ ५० ॥ तिलकमञ्जरी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતની જૈનાશ્રિત કળા*

લેખક-શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ

(ગતાંકથી ચાલુ)

**પ્રાચીન ચિત્રોનું કલાતત્ત્વ**—પ્રાચીન ચિત્રકારોનો 'સમય' સમજવા તેમની કૃતિઓ જોવી જરૂરની છે; પણ તેનો ઉકેલ કરવા તે ચિત્રકારોનાં ધ્યેયો કેવાં હતાં, તે કેવો આસ્વાદ આપવા ઇચ્છતા હતા, કોની પ્રશંસા ઇચ્છતા હતા, કોને ખુશ કરવા ઇચ્છતા હતા, તેમનાં સાધનો કેવાં હતાં અને તેનો તે કેવી રીતે ઉપયોગ કરતા હતા આદિ જાણવાની જરૂર છે. આવા જ્ઞાનથી સજ્જ થઈ ચિત્રોનું નિરીક્ષણ કરવામાં આવે ત્યારે જ યોગ્ય પરીક્ષણ થઈ શકે. આવા જ્ઞાનના અભાવને લઈને આ ક્ષેત્રમાં થયેલું ઘણું કામ ફરી કરવાની જરૂર જણાય છે, કારણ કે પૂરતી સામગ્રીના અભાવે અપાયેલા ઘણા અભિપ્રાયો ભ્રામક દેખાય છે. આ સ્પષ્ટીકરણ આપવાનું કારણ એ છે કે નિપુણ મનાતા ચિત્રવિવેચકોને પણ આ ચિત્રકળા સમજવામાં વિઘ્નો નડયાં છે. તેમાં મુખ્ય વિઘ્ન આ ચિત્રકારોના લક્ષ્યનું અજ્ઞાન છે.[૧] આ સંબંધમાં એક જ દાખલો આપીને મારા નિબંધનું કાર્ય સમાપ્ત કરવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય.

ભારતીય ચિત્રકલાના વિવેચક તરીકે પ્રખ્યાતિ પામેલ મિ. નાનાલાલ મહેતા પોતાના Gujarati Painting in the Fifteenth Century: A Further Essay on Vasant Vilasa' નામના ગ્રન્થમાં ચઉદમા અને પંદરમા સૈકાની ગુજરાતની કલાને નીચેના શબ્દોમાં ઓળખાવે છે:[૨]

---

* બારમી ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી સ્વીકારાયેલો નિબંધ.

૧. રા. રસિકલાલ છોટાલાલ પરીખ.

૨. 'In estimating the Gujarati art of the fourteenth and fifteenth centuries it must not be forgotten that we are dealing with an extraordinarily interesting phase of popular bourgeois art. What the contemporary art at the magnificent courts of Ahmedabad, and earlier of Patan, was like, we have no means of judging. But if it was at all of the kind and standard of the magnificent remains of the time of Sidharaj Jayasimh (A. D. 1094-1143) and Kumarpal (A. D. 1143-1174), it must have been in the epic style of the fresco paintings of Ajanta and Bagh. We have a few portraits of the period — one of Kumarpal and another of a Gujarati poet Bhalan (A D. 1439-1539) — which are interesting as specimens showing the gulf between the highly cultivated art of the court and the work produced for the wealthy middle classes. The art of the Kalpa Sutras and Vasant Vilas is by no stretch of imagination "the most spiritual" or "the most accomplished in technique;" it is the final stage of decadence before its revival under the Mughals. It is marked by good paper, plenty of gold illumination, but it is poor in qualities of

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ચૌદમી અને પંદરમી સદીની 'ગુજરાતી કળા'નું મૂલ્યાંકન કરતી વખતે એ ભૂલાવું ન જોઈએ કે આપણે વ્યાપક ચિત્રકળાના અસાધારણ રસિક સ્વરૂપના સંપર્કમાં છીએ, તે વખતે અમદાવાદના અગાઉના પાટણના ભવ્ય દરબારોમાં કઈ કળા હતી તે નક્કી કરવા આપણી પાસે સાધન નથી. પણ જો તે સિદ્ધરાજ જયસિંહ અને ગૂર્જરેશ્વર કુમારપાલના ભવ્ય અવશેષોના ધોરણની હોય તો એ અજંતા અને બાગનાં ભિત્તિચિત્રોની મહાન શૈલીની હોવી જોઈએ. આપણને તે સમયની થોડીએક છબિઓ મળી આવે છે—એક કુમારપાલની, બીજી ગૂર્જર કવિ ભાલણની—જે ઉચ્ચ વિકાસ પામેલી દરબારી કલા અને શ્રીમંત મધ્યમ વર્ગને માટે બનાવેલી કૃતિ વચ્ચેના ભેદ દર્શાવનારા રસિક નમૂના છે."

"કલ્પસૂત્રો અને વસંતવિલાસની કળાને, કલ્પનાને ગમે તેટલી લંબાવીએ તો પણ 'અતિ આધ્યાત્મિક' અગર 'અતિ સિદ્ધવિધાન' કળા કહી શકાય તેમ નથી. મોગલ સમયમાં થએલા ઉત્થાન પહેલાંની પડતીની છેલ્લે ભૂમિકાની કળા છે. સારા કાગળ અને પુષ્કળ સોનેરી સજાવટ એ એનાં લક્ષણો છે, પરંતુ ભાવદર્શન, ચલન અને વિધાનનાં લક્ષણોમાં હીન છે અને સામાન્યતયા સુંદરતા અને આકર્ષણવિહોણી છે. એ ભાવદર્શનની સહૃદયતા અને ચલન સામર્થ્યના ગુણોથી ઓપતું પ્રાથમિક સ્વરૂપ નથી પણ કલ્પનાવિહોણા, પુણ્યની વાંછનાવાળા અને પોતાની રીતે કળા અને વિદ્યાને આશ્રય આપનારા અને પૈસાના મૂલ્યને ન ભૂલનારાથી પોષાયેલી અને ઉત્તેજાએલી કળા છે: એ પ્રજાવાદના ઉભારાનો, અનિશ્ચિત રાજકીય સ્થિતિનો, ધાર્મિક પ્રશ્નાવલિનો, અને સામાન્ય અશાંતિનો યુગ હતો કે જે એક સદી પછી મોગલોના મહાન્ યશરૂપ વિસ્તૃત સ્વરૂપના ભારતીય સંસ્કૃતિના ઉત્થાનમાં પરિણમ્યો."

શ્રીયુત મહેતા જેવા પ્રખ્યાત કલા—મીમાંસક ચઉદમા અને પંદરમા સૈકાની 'ગુજરાતી કળા'ને માટે પૂરેપૂરી તપાસ કર્યા વિના ઉપરના શબ્દોનો ઉપયોગ કરીને પૂર્વગ્રહ માત્ર રજુ કરે છે.

ઉપરોક્ત ગ્રંથના પાના ૩૩ ઉપર તેઓ જણાવે છે કે: 'જૂના કલ્પસૂત્રો, સંખ્યાબંધ સચિત્ર જૈન ગ્રન્થો અને વસંતવિલાસનાં ચિત્રોના બારીક અભ્યાસ પછી મને લાગે છે કે ડૉ. કુમારસ્વામીએ મોગલ પૂર્વેની ભારતીય ચિત્રકળાના સ્વરૂપને જે અભિનંદન આપ્યાં છે તેને તે યોગ્ય નથી. કલ્પસૂત્રનાં સુંદર સચિત્ર ગ્રન્થોનાં ચિત્રોમાં મને બહુ આધ્યાત્મિક અગર કલાત્મક લક્ષણો જણાયાં નથી. ઉલટું ચિત્રો અને

expression, movement and representation and generally lacking in elegance and charm. It is not so much a "primitive" phase, characterized by vigour of movement and sincerity of expression, as one maintained and inspired by an unimaginative clientele who wanted religious merit, and patronized art and learning in their own way, but who never forgot the value of money. It was a time of democratic ferment, unsettled political conditions, religious questionings, and general unrest, which culminated a century later in that great resurgence of Indian culture in its widest aspect which was the greatest glory of the Mughlas.'

—Gujarati Painting in the fifteenth century, Pp. 36-37

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાણોમાંના વધુ પડતા સોનાના ઉપયોગથી ચોક્કસ અને સિદ્ધકલાવિધાનની દીનતાનું પ્રદર્શન થાય છે![3]

તેઓ જણાવે છે કે 'સંખ્યાબંધ સચિત્ર જૈન ગ્રંથો તથા વસંતવિલાસનાં ચિત્રોના બારીક અભ્યાસ પછી મને લાગે છે કે ડૉ. કુમારસ્વામીએ મોગલ પૂર્વેની ભારતીય ચિત્રકળાને જે અભિનંદન આપ્યાં છે તેને તે યોગ્ય નથી.'

પરંતુ આ તબક્કે આપણે તેઓશ્રીને પૂછી શકીએ છીએ કે આપણા પોતાના વતન અમદાવાદના જ જૈન ગ્રન્થભંડારો પૈકીના ઉજમફોઈની ધર્મશાળાના ભંડારની તાડપત્રની હસ્તલિખિત પ્રતના સુંદર કલાવિધાન દર્શાવતાં ચિત્રો તથા અનુપમ કારીગરીવાળી, દેવસાના પાડાના ભંડારની કલ્પસૂત્રની સુંદર કાગળની પ્રત કે જેમાંના થોડા નમૂનાઓ મેં મારા 'જૈનચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રન્થમાં જાહેરની જાણ માટે રજૂ કર્યા છે તે તથા વડોદરાના જ્ઞાનમંદિરની મોગલ પૂર્વેની કલ્પસૂત્રની સુંદર સુશોભનોવાળી પ્રત, છાણીના ભંડારની દેવીઓનાં ચિત્રોવાળી તાડપત્રની પ્રતનાં સુંદર ચિત્રો જોયાં છે કે પાશ્ચિમાત્ય વિદ્વાનોએ જે પ્રમાણે વચનો ઉચ્ચાર્યાં તેનું અનુકરણ જ માત્ર કર્યું છે?

વળી આ ચઉદમા અને પંદરમા સૈકાની 'ગુજરાતી કળા'નું મૂલ્યાંકન કરવા માટે સંવત્ ૧૨૯૪ (ઇ.સ. ૧૨૩૭)ની એક છબી કુમારપાલના નામથી ઓળખાતી-બીજી પંદરમા સૈકામાં થયેલા જૈનેતર કવિ ભાલણની પ્રતિકૃતિના નામે ઓળખાતી, છબીઓનો નિર્દેશ કરીને આ કળા વચ્ચેના ભેદ દર્શાવવા જે પ્રયત્ન કર્યા છે તે અવાસ્તવિક છે જેના પુરાવા નીચે મુજબ છે:

(૧) કુમારપાલના નામથી ઓળખાતી છબીને તેઓએ અગાઉના પાટણના ભવ્ય દરબારની કળા તરીકે માની લીધી છે, પરંતુ મેં મારા ગ્રંથમાં જણાવ્યું છે તેમ આ છબી વાસ્તવિક રીતે કુમારપાલની નહિ, પણ કુમારપાલના વિ. સં. ૧૨૩૦ (ઇ. સ. ૧૧૭૩)માં સ્વર્ગવાસ થયા બાદ ચોસઠ વર્ષે દિશાપાલ જ્ઞાતિની શ્રીદેવી નામની એક શ્રાવિકાએ લખાવેલી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના દશમા પર્વના છેલ્લા પત્ર ઉપર તેણીના કોઈ સ્વજનની છે.

(૨) બીજી છબી પંદરમા સૈકામાં થએલા જૈનેતર કવિ ભાલણની પ્રતિકૃતિ તરીકે જે તેઓએ ઓળખાવી છે તે પહેલાં તો એક ચિત્ર નથી પણ ચાંદીનાં પતરાં ઉપર કોઈ શીખાઉ કારીગરે ટાંકણાંથી કોરી કાઢેલી એક સામાન્ય આકૃતિ માત્ર છે, તે પતરાં

૩. 'After a careful study of the old Kalpa Sutras and a large number of illustrated Jaina MSS. and the pictures of the Vasant Vilas, I do not think that this pre-Mughal phase of Indian painting deserves the tribute that Dr. Coomarswamy paid to it. I have not been able to see much spiritual or aesthetic merit in the pictures of the beautifully illuminated MSS. of the Kalpa Sutras. On the contrary, the excessive use of gold illumination in pictures and writing strikingly exhibits the poverty of sure and accomplished craftsmanship;'

— Gujarati Painting in the fifteenth century, Pp. 33

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર નથી તો કવિ ભાલણનું નામ, કે નથી આકૃતિ તૈયાર કર્યાની તારીખ કે નોંધ. પતરાં ઉપર તો છે ફક્ત 'પુરુષોત્તમ મહારાજ'નું નામ, વિદ્વાનોની માન્યતા છે કે કવિ ભાલણ પછીથી — વૃદ્ધાવસ્થામાં આ નામથી ઓળખાતો હતો.

તેઓ પોતે જ જણાવે છે કે સંખ્યાબંધ જૈનગ્રંથોના અભ્યાસ પછી આ મત પોતે ઉચ્ચારે છે તો સંખ્યાબંધ સચિત્ર ગ્રંથોમાંથી એક પણ ચિત્ર તેઓશ્રી કુમારપાલના નામથી ઓળખાતી પ્રતિકૃતિ સાથેની સરખામણી માટે ન મેળવી શક્યા કે તેને બાજુએ રહેવા દઈને એક સામાન્ય ચાંદીના પતરા ઉપર કોરી કાઢેલી જૈનેતર કવિ ભાલણની સામાન્ય કૃતિ સાથે સરખામણી કરીને આ કળાનું મૂલ્યાંકન કરવા માટે તેઓશ્રી તત્પર થયા.

વળી આ કળાને 'ભાવદર્શન, ચલન અને વિધાનનાં લક્ષણોમાં દીન અને સુંદરતા તથા આકર્ષણ વિહોણી' તથા તેના પોષકોને પણ 'કલ્પનાવિહોણા, પુણ્યની વાંછનાવાળા અને પૈસાના મૂલ્યને ન ભૂલનારા' તરીકે ઓળખાવે છે!

આ કલાની ભાવદર્શનતા, વિધાનના લક્ષણોમાં સંપૂર્ણતા, આકર્ષકતા વગેરેના પુરાવાઓ મારા ગ્રન્થમાં રજુ કરેલાં ચિત્રો જ રજુ કરશે, પરંતુ ભયંકર યવનવિપ્લવના પ્રદીપ્ત અગ્નિમાં જે સમયે સમસ્ત ભારતવર્ષના ગ્રંથરત્નો બળીને ભસ્મિભૂત થઈ રહ્યા હતા, તે સમયે જે કોમના શ્રીમાનોએ અપૂર્વ કુનેહબાજી અને અઢળક સંપત્તિનો વ્યય કરીને આ કળાના મહામૂલ્ય અવશેષો સાચવી રાખ્યા અને તક મળે કળાકારોને પોષીને સંખ્યાબંધ ચિત્રો ચીતરાવ્યાં, અસંખ્ય દેવાલયો ઉભાં કર્યાં તે કોમના શ્રીમાનોને 'કલ્પનાવિહોણા, પુણ્યની વાંછનાવાળા અને પૈસાના મૂલ્યને ન ભૂલનારા' તરીકે ઓળખાવતાં આ કળાના પોષકોને ભયંકર અન્યાય થતો હોય એમ લાગે છે.

અંતમાં, મારા આ ક્ષુદ્ર પ્રયત્નથી ગુજરાતી પ્રજા, પોતાના નાશ પામતા કિંમતી કળાના અવશેષો સાચવવા કટિબદ્ધ થઈને પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોની અમૂલ્ય કૃતિઓનું સંરક્ષણ તથા તેનો પ્રચાર કરવા ઉજમાળ થશે તો મારી તથા મારા સાથીદારોની આ સંગ્રહ પ્રગટ કરવાની મહેનત સફળ થઈ માનીશ. મારા આ પ્રયત્નની સફળતા—અસફળતાનો આધાર તેને ગુજરાતી પ્રજા તરફથી મળતા આવકાર ઉપર રહેલો છે.

(સંપૂર્ણ)

(૬૧૦મા પાનાથી ચાલુ)

ધનપાલના પાંડિત્ય ઉપર મુગ્ધ થઈ મુંજરાજે તેને કૂર્ચાલસરસ્વતીનું[૨] મહત્ત્વસૂચક બિરૂદ આપ્યું હતું. આ રીતે મુંજ અને ભોજ બંનેને તે બહુ માન્ય હતો. કવિ ધનપાલનો રાજસભામાં પરિચય, પાઇઅલચ્છીઅ નામમાળા એ નામનો પ્રાકૃત શબ્દકોશ બનાવ્યા પછી બે વરસ પર ગાદી પર આવનાર મુંજરાજના સમયથી શરૂ થયો અને ભોજના સમયમાં સમ્પૂર્ણકળાએ પહોંચ્યો. આ રીતે ધનપાલનો સત્તાસમય ૧૧મા સૈકાના પ્રથમ પાદથી શરૂ થયો.

(અપૂર્ણ)

૨. श्रीमुञ्जेन "सरस्वतीति" सदसि क्षोणीभृता व्याहृतः ॥ ५२ ॥ ति॰म॰ प्राहेति बिरुदं तेऽस्तु " श्रीकूर्चालसरस्वती " ॥ २७१ ॥ प्र॰ म॰ प्र॰

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરાતન ઈતિહાસ અને સ્થાપત્ય

## (૧) પ્રાચીન લેખ સંગ્રહ ( ચાર લેખો )

સંપાદક :—
મુનિરાજ શ્રી જયન્તવિજયજી

(૪૮)[૪૧]

ॐ॥ संवत् १३५२ वैशाख सुदि ४ श्रीबाहडमेरौ महारा*जकुल श्री सामंतसिंहदेव कल्याणविजयराज्ये तन्नियु*क्त श्रीरकरणे मं० वीरा सेल[०]वेला तुल[०]भां०

---

૪૧. લેખાંક ૪૮ થી ૫૧ સુધીના લેખો, **'જૂના'** ગામના **"નવતોરણીયું મંદિર"** નામના જિનાલયના ખંડિયેરના નવચોકીઓના જુદા જુદા સ્તંભો પર ખોદાયેલા છે. તેમાંનો પહેલો લેખ ૯ા પંક્તિઓનો, બીજો લેખ ૭ પંક્તિઓનો, ત્રીજો લેખ ૮ પંક્તિઓનો અને ચોથો લેખ ૫ પંક્તિઓનો છે. પ્રથમના ત્રણ લેખોના અક્ષરો મોટા અને સુંદર છે. અત્યારે પણ બહુ સારી રીતે વંચાઈ શકે છે. ચોથા લેખના અક્ષરો ખરાબ છે. આ સિવાય પાંચમો એક લેખ સં. ૧૬૫૬ નો છે, પણ તેમાં સલાટ-મીસ્ત્રીઓનાં ફક્ત નામો જ આપેલાં છે, તેથી તે લેખ અહીં આપવામાં આવ્યો નથી.

આ **'જૂના'** ગામ, જોધપુર સ્ટેટની **બાડમેર**(બારમેર) હકુમતમાં આવેલા ( J. R. રેલ્વેના ) જસાઈ સ્ટેશનથી અગ્નિ ખુણામાં ચાર માઈલ દૂર આવેલું છે. સાવ પહાડોની વચ્ચે છે. રસ્તો પણ પહાડી અને વિકટ છે. ગાડારસ્તો નથી, પણ પગદંડી સારી છે. ઉંટ, બળદો વગેરે જઈ શકે છે. બાડમેરથી જસાઈ દસ માઈલ થાય છે. યદ્યપિ બાડમેરથી સિધા 'જૂના' જઈ શકાય છે અને તે રસ્તે બાડમેરથી જૂના ૧૦-૧૧ માઈલ થતું હશે, પરંતુ તે રસ્તો ઘણો જ વિકટ અને ખરાબ હોવાનું સાંભળ્યું છે. માટે જસાઈ થઈને 'જૂના' જવું ઠીક છે.

આ **'જૂના'** અત્યારે સાવ ઉજ્જડ છે. ત્યાં ગામની વચ્ચે શ્રી **આદિનાથ** ભગવાનના ઉંચા, વિશાલ અને સુંદર કોરણીવાળા ભવ્ય મંદિરનું ખંડિયેર વિદ્યમાન છે. આ મંદિર "નવતોરણીયું મંદિર" એ નામથી ઓળખાય છે, અને તે જરા લાલાશવાળા સફેદ રંગના ખારા પત્થરથી બનેલું છે. ગુમ્મજો અને છતોમાં લગભગ આબુ-દેલવાડાનાં મંદિરો જેવી સુંદર કોરણી કરેલી છે. આવા ભવ્ય મંદિરનો વિકરાલ કાલના પરિબલથી નાશ થઈ ગયો, એ ઘણા ખેદનો વિષય છે. આ મંદિરનો ઘણો ભાગ પડી ગયો છે, અને ઘણો ભાગ હજુ ઉભો છે. આની જોડે જ એક બીજા નાના જૈન મંદિરનું ખંડિયેર છે, તેમાં લેખો નથી. તેની આસપાસમાં લોકોનાં ઘરો અને કોટ વગેરેનાં અનેક ખંડેરો પડયાં છે. આ **'જૂના'** એ પ્રથમ **બાહડમેરુ(બાડમેર)** નામથી પ્રસિદ્ધ હતું. કાળક્રમે કોઈ કારણસર ત્યાંના સરદારો-જાગીરદારો અને શાહુકારો વગેરે, જૂના-બાહડમેરુથી લગભગ ૧૦ માઈલની દૂરી પર આવેલા 'બાપડાઉ' ગામમાં જઈને વસ્યા. ત્યારથી તે 'બાપડાઉ,' 'બાડમેર' નામથી પ્રસિદ્ધ થયું અને જૂનું બાડમેર 'જૂના' નામથી ઓળખાવા લાગ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गिगन प्रभृतयो* धर्माक्षराणि प्रयच्छंति यथा। श्री आदिनाथमध्ये संति*ष्ठमान श्री विघ्नमर्दनक्षेत्रपाल श्री चउंडराज देवयो*उभयमाग्री(र्गी) यसमायातसार्थे उष्ट्र १० वृष २० उभयादपि ऊर्ध्वं* सार्थं प्रति द्वयोर्देवयोः पाइलापदे भीमप्रिय दश विशोपका०* अद्धोर्द्धेन ग्रहीतव्याः। असौ लागा महाजनेन म(मा)निता ॥ यथोक्तं*

**बहुभिर्बसुधा भुक्ता राजभिः सगरादिभिः।**

**यस्य यस्य यदा भू०*मी(मिः) तस्य तस्य तदा फलं ॥ १ ॥ छ ॥**

સં૦ ૧૩૫૨ ના વૈશાખ સુદિ ૪ ને દિવસે, શ્રી **બાહડમેરુ(બાડમેર)***[૪૨] નગરમાં,

---

ત્યારપછી જૂનામાં ખેડુતો અને ભિલ્લો વગેરેની વસ્તી હતી, તે પણ કોઈ કારણથી સાઠેક વર્ષ થયાં ત્યાંથી બે માઈલ દૂર ખુલ્લા મેદાનમાં આવીને રહી, ત્યારથી તે ગામ 'નવાજૂના' નામથી અને જૂનું બાડમેર, 'જૂના' અથવા 'જૂના જૂના' નામથી ઓળખાવા લાગ્યાં.

**ખરતર** ગચ્છની એક હસ્તલિખિત પ્રતિના બારમા પત્રમાં લખ્યું છે કે—

ऊधरणमंत्री सकुटुंबः खरतरगच्छीयश्रावकश्च ( सं. १२२३ ) बभूव तस्य च कुलधरनामा पुत्रो जातः, येन बाहडमेरुनगरे उत्तुंगतोरणप्रासादः कारितः।

આ ઉપરથી **જૂના બાડમેર**નું આ ભવ્ય 'નવ તોરણીયું' મંદિર, **ખરતર** ગચ્છીય શ્રાવક **ઊધરણ મંત્રી**ના પુત્ર **કુલધરે** તેરમી શતાબ્દીના ઉતરાર્ધમાં બંધાવરાવ્યું હોય એમ જણાય છે.

આ મંદિરના અધિષ્ઠાયક શાસનરક્ષક ક્ષેત્રપાલ બહુ ચમત્કારિક અને ભક્તોનાં વિઘ્નોને દૂર કરનાર હોવાથી એ ક્ષેત્રપાલદેવનું વિઘ્નમર્દન નામ પડયું હશે, અને એ જ કારણથી રાજ્યના અમલદારોએ મળીને એ દેવની પૂજા આદિ ખર્ચ માટે સાર્વજનિક કાયમી લાગો લગાવી આપ્યો હતો અને તમામ વેપારીઓએ તેને માન્ય રાખ્યો હતો.

**શ્રી બાહડમેરુ** (બાડમેર)નું આ મંદિર પ્રાચીન અને ઘણું મનોહર હોવાથી, તથા વિઘ્નમર્દન ક્ષેત્રપાલ બહુ ચમત્કારિક હોવાથી, બાડમેર તીર્થ ગણાતું હશે અને તેથી દૂરદૂરના લોકો અહીં યાત્રા કરવા માટે આવતા હશે એમ લાગે છે. દાખલા તરીકે લેખાંક ૫૧ મો જુઓ.

લેખાંક ૪૮, ૪૯ અને ૫૦ ના લેખોમાં વચ્ચે વચ્ચે * ફુલો આપ્યાં છે તે, અસલ શિલાલેખોમાં નવી પંક્તિ શરૂ થયાની નિશાની માટે આપેલાં છે.

૪૨. આ **બાહડમેરુ ( બારમેર )** જોધપુર સ્ટેટની એક મોટી હકુમતનું ગામ છે. ત્યાં હાકેમ સાહેબ રહે છે. પોલિસ થાણું, હોસ્પીતાલ, સ્ટેશન, પોસ્ટ ઑફીસ, તાર ઑફીસ, ઈંગ્લીશ-હિંદીસ્કૂલો વગેરે છે. પહાડની તલેટીમાં-ઊંચાણમાં બે ભવ્ય જિનાલયો આવેલાં છે. તે સિવાય બીજાં ૨-૩ મંદિરો, ૨-૩ ઘર દેરાસરો, ૪-૫ ધર્મશાલા અને ઉપાશ્રયો અને શ્રાવકોનાં આશરે ૪૦૦ ઘર છે. તેમાં ઘણો ભાગ અંચલ ગચ્છીય અને ખરતર ગચ્છીય શ્રાવકોનો છે. શ્રાવકો ભક્તિવાળા છે.

**'જૂના બાહડમેરુ'** સંબંધી સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીનો એક લેખ, મહારાવલ(મહારાજા) શ્રી **સામંતસિંહ** દેવકલ્યાણના વિજયવંતા રાજ્યકાળમાં, તેમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યના સમસ્ત કારભાર માટે નિયુક્ત કરેલા **મંત્રી વીરા,** સેલહથ[૪૩] વેલા અને તુલહારી[૪૪] ભંડારી ગિગન વગેરે ધર્માક્ષરે આપે છે — ધર્મકાર્ય માટે આજ્ઞા કરે છે કે — શ્રી **આદિનાથ (ઋષભદેવ)** ભગવાનના મંદિરમાં વિરાજિત શ્રી **વિઘ્નમર્દન ક્ષેત્રપાલ** તથા (અન્યત્ર સ્થિત) શ્રી ચઉંડરાજ(ચામુંડરાજ?), એ બન્ને દેવની પૂજા વગેરે ખર્ચ માટે બન્ને[૪૫] માર્ગેથી આવતા, ૧૦ ઉંટ અથવા ૨૦ બળદથી વધારે સંખ્યાના ઉંટો અથવા બળદોવાળા દરેક સાર્થવાહ (વ્યાપારી–વણઝારા) પાસેથી (પાલી અથવા પવાલાનો લાગો હશે તેને બદલે?) ભીમપ્રિય[૪૬] દસ દસ વિંશોપકાનો લાગો લેવો, અને તે આવક બન્ને દેવના કાર્યવાહકોએ અરધો અરધ વહેંચી લેવી. આ લાગો મહાજન લોકોએ કબુલ રાખેલો છે.

પછી, જે દાન કરે તેને જ તેનું ફળ મળે છે. આવી મતલબનો એક શ્લોક લખેલો છે. જેમ કે — "**સગર** ચક્રવર્ત્તિ આદિ ઘણા રાજા-મહારાજાઓએ આ પૃથ્વી ભોગવી છે. પણ જે વખતે પોતાના તાબાની ભૂમિનું જે જે માણસો દાન કરે છે, તે તે માણસોને તેનું ફળ મળે છે." આગળના સમયમાં દાનપત્રોની પાછળ આવા શ્લોકો આપવાનો ખૂબ રિવાજ હતો.

(૪૯)

ॐ॥ संवत् १३५६ कार्तिक्यां श्रीयुगादिदेवविधिचैत्ये श्रीजिनप्रबोधसूरिपट्टालंकार श्रीजिनचंद्रसूरि सुगुरूपदेशेन सा० गाल्हण सुत सा० नागपाल श्रावकेण सा० गहणादि पुत्र परिवृतेन मध्यचतुष्किका स्व० पुत्र सा० मूलदेव श्रेयोर्थं सर्वसंघप्रमोदार्थं कारिता ॥ आचंद्रार्कं नंदतात् ॥ शुभं ॥

---

શ્રી "જૈન સત્ય પ્રકાશ"ના ૨૧–૨૨ મા અંકોમાં અને "જૈન" પત્રમાં પણ પ્રગટ થઈ ચૂક્યો છે. તેમણે નવા બાહડમેર (હાલના બારમેર) ના વિષયમાં પણ એક લેખ લખી રાખ્યો હતો. તે "જૈન" અને "જૈન જ્યોતિ" માં ચાલુ માસમાં પ્રગટ થયો છે. જૂના અને નવા બાડમેર સંબંધી વિશેષ હકીકત જાણવાની ઇચ્છા રાખનારાઓને ઉક્ત બન્ને લેખોમાંથી ઘણું જાણવાનું મળશે.

૪૩. સેલહથ એટલે રાજા અથવા જાગીરદારના હાથ નીચેનો એક કર્મચારી, કે જેને જમીનની પેદાશમાંથી રાજભાગ ઉઘરાવવાનું કામ સોંપવામાં આવતું અને તેના બદલામાં તે ઉપજમાંથી અમુક હિસ્સો તેને અપાતો.

૪૪. તુલહારી એટલે ખળાંમાં આવેલ અનાજ, કપાસ વગેરે ચીજોનો તોલ-માપ કરવા–કરાવવાના અધિકારવાળો એક કર્મચારી. તેને પણ એ ચીજોમાંથી તોલામણી તરીકે અમુક હિસ્સો અપાતો હતો.

૪૫. કદાચ સિંધ અને મારવાડ, એ બન્ને દેશોના માર્ગોની અપેક્ષાથી **ઉભયમાર્ગીય** લખ્યું હશે, એમ લાગે છે. કેમકે ત્યાં–બાડમેરની પાસે જલમાર્ગની સંભાવના નથી.

૪૬. ગુજરાતના મહારાજા (પહેલા અથવા બીજા) ભીમદેવના વખતમાં ચાલતું અથવા તેમના સમયમાં પ્રગટ થયેલું નાણું 'ભીમપ્રિય' નામથી ઓળખાતું હશે. **વિંશોપકા** એટલે એક જાતનું નાણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં૦ ૧૩૫૬ ના કારતક સુદિ પૂનમને દિવસે, શ્રી**આદીશ્વર** ભગવાનના મંદિરમાં, શ્રી**જિનપ્રબોધસૂરિજી**ના પટ્ટધર શ્રી**જિનચંદ્રસૂરિજી**ના ઉપદેશથી, શાહ ગાલ્હણના પુત્ર, (પોતાના પુત્ર ગહણા વગેરેથી યુક્ત) શાહ નાગપાલ નામના શ્રાવકે પોતાના સ્વર્ગસ્થ પુત્ર મૂલદેવના કલ્યાણ માટે અને સમસ્ત સંઘના આનંદને માટે (આ મંદિરની નવચોકીઓમાંની) વચલી ચોકી કરાવી. તે સૂર્ય–ચંદ્ર વિદ્યમાન રહે ત્યાંસુધી વિદ્યમાન રહો.

(૫૦)

ॐ॥ संवत् १३५६ कार्तिक्यां श्रीयुगादिदेवविधिचैत्ये श्रीजिनप्रबोधसूरिपट्टालंकार श्रीजिनचंद्रसूरिसुगुरूपदेन सा० आल्हण सुत सा० राजदेव सत्पुत्रेण सा० सलषण श्रावकेण सा० मोकलसिंह तिहूणसिंह परिवृतेन स्वमातु: सा० पउमिणि सुश्राविकाया: श्रेयोर्थं सर्वसंघप्रमोदार्थं पार्श्ववर्तिचतुष्किकाद्वयं कारितं ॥ आचंद्रार्कं नंदतात् ॥ शुभमस्तु

શ્રી**જિનપ્રબોધસૂરિ**ના પટ્ટધર શ્રી**જિનચંદ્રસૂરિ** ગુરુના સદુપદેશથી, શ્રી**આદીશ્વર** ભગવાનના મંદિરમાં, સંવત્ ૧૩૫૬ના કારતક સુદિ પૂનમને દિવસે, શાહ આલ્હણના પુત્ર શાહ રાજદેવના સુપુત્ર, (શાહ મોકલસિંહ અને તિહૂણસિંહથી યુક્ત એવા) શાહ સલષણ નામના શ્રાવકે પોતાની માતા સુશ્રાવિકા પદમિણીના કલ્યાણ માટે તથા સમસ્ત શ્રીસંઘના આનંદને માટે, (આ મંદિરની નવચોકીઓમાંની) બન્ને પડખાની બે ચોકીઓ કરાવી. તે સૂર્ય–ચંદ્ર વિદ્યમાન રહે ત્યાંસુધી વિદ્યમાન રહો.

(૫૧)

संवत् १६९३ वर्षे मग(मार्ग०)सुद(दि) १० ष(ख)रतरगच्छे पं० गणनंदनगणिभि: पं० सीरराजमुनि पं० गिरराजमुनि पं० हीराणं(नं)द प्रमुखसाधुसहितैर्यात्रा कृता संतंथानधाकारि (?)

સં૦ ૧૬૯૩ ના માગશર સુદિ ૧૦ ને દિવસે, **ખરતર** ગચ્છીય પં. **ગણનંદન** ગણિએ; પં. **સીરરાજ**મુનિ, પં. **ગિરરાજ** મુનિ તથા પં. **હીરાનંદ** આદિ સાધુએ સહિત આ તીર્થની યાત્રા કરી.

## (२) मांडवगढ संबंधी लेख

संग्राहक नन्दलालजी लोढा, बदनावर (मालवा)

(१५) १. संवत १५१८ वर्षे ज्येष्ठ सुदी १५ गुरौ श्री ओशवंश श्रंगार सुश्रावक सो० सांगण सुत सो० पदम सु० सो० शूरा सु० सो० धरमा सु० सो(०) वरसिंग भा० मनकू सु० वितूदि सु०–

२. सो० श्रीनरदेव सो० धना सो० नरदेव भा० सोनाईसुत जगत विश्राम बिरदल कुल बंद छोड परस्त्री बांध(व) सम्यक्त्व मूल द्वादश वृत प्रतिपालक श्री पातसाह दत्त नाम नगदुल मुलक राज्याधिकार भार भंडार मुद्राप्रधान श्री मालवदेश श्री मंडपदुर्ग मंडन सो० श्री संग्रामकेन भा० गुराई रत्नाई प्रमुख पुत्र पौत्रादि कुटुंब युते–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



३. न स्वश्रेयसे श्री अजितनाथबिंबं कारितं। श्री बृहत्तपापक्षे श्री रत्नसिंहसूरि पट्टे विजयमान भ० उदयवल्लभसूरिभि(:) प्रतिष्ठितं पं० उदय सोम–

४. गणीनां प्र............

मूर्ति के अग्र भाग की पाटली के ऊपर लंगोट के आसपास 'श्री अजितं---सो० संग्राम' लिखा है। उज्जयिनी नगरी के देहरा खिडकी मुहल्ले में श्री चन्द्रप्रभु के श्वेताम्बर जैन मंदिर में श्री अजितनाथ प्रभु के श्वेत पाषाण के बिंब के पृष्ठ भाग में लिखे हुवे इस लेख की नकल ता. १७ मार्च सन १९०६ ई. को यतिजी[१] ने उतारी और लेख व मूर्ति के फोटो ता० १५–११–१९१६ को श्रीधर विनायक पित्रे फोटोग्राफर उज्जैन के द्वारा लिये गये। यह मूर्ति पद्मासनवाली होकर २० इंच ऊंची है। इसके पृष्ठ भाग का लेख लंबा २१ इंच और ४ पंक्तियें का है। इस मूर्ति को विक्रम संवत् १९८३ में ग्राम बदनावर, स्टेट धार के श्री आदिनाथ जैन श्वेताम्बर मंदिर में ले जाकर स्थापन की और सं० १९८४ के मार्गशिर शुक्ल ६ को प्रतिष्ठा द्वारा मूलनायकजी स्थापन किये। कुछ वर्ष बाद मूर्ति चलित हो जाने से सं० १९९३ के आसो कृष्ण १४ को मैंने उक्त शिलालेख की नकल अपनी डायरी में उतारी। तत्पश्चात् यतिजी कृत पुस्तक के पृष्ठ ७० में उक्त शिलालेख की नकल देखने में आई उससे संशोधन करके प्रकाशित की। इसको जगत प्रसिद्ध संग्राम सोनीने भरवाई व उसकी प्रतिष्ठा की है।

(१६) संवत् १५४७ वर्षे माह सुदी १३ रवौ श्री मंडण सोनी ज्ञातिय श्रेष्ठ अर्जुन सुत श्रे० गोवलभार्या हर्षु। सुत पारिष मांडण भार्या श्राविका तीली सो. . . . मांदराज भार्या दत्वा विव्हादे द्वि० भाल्लतादे। पुत्र २ सो० टोडरमल्ल सोनी कृष्णदास पुत्री बाई हर्षाई परिवार स॥

यह लेख शांतिनाथ भगवान की धातु की प्रतिमा के पृष्ठ भाग में तीन पंक्तियें

१. श्रीमान् यतिवर्य्य मानकचंदजी जगरूपजी इन्दौर निवासीने, मांडवगढ व मक्सी तीर्थ में श्वेताम्बरी के ऊपर दिगम्बरियें की ओर से कोर्टों में फर्याद हुई उस वक्त सन १९०० के लगभग पुरावे के लिये शिलालेखें, पुस्तकें, शास्त्रों वगैरह के आधारों से वस्तुओं को संगृहीत की और उसको पुस्तक रूप से प्रकाशित करने का विचार किया। कार्य शुरु होने के पश्चात् वे स्वर्गस्थ हुवे और वह कार्य पूर्ण नहीं हुवा। जितना प्रेस में छपा था उसमें की एक कॉपी श्रीयुत काशीनाथ लेले धारवाले को मिली और वह पुस्तक इस वक्त श्रीयुत विश्वनाथ शर्मा इतिहास प्रेमी के पास होने से उस पुस्तक के आधार पर हमने बहुत शिलालेख व इतिहास का वर्णन उतारा है। अफसोस के साथ लिखना पडता है कि स्वर्गस्थ यतिजीने जैन समाज के लिये जो सेवा की थी उसको पूर्ण रूप से प्रकाशित करने के पेश्तर ही वे सिधार गये। वाचकें से विनंती है कि उक्त यतिजी कृत पुस्तक कहीं पर देखी हो कृपा कर मुझे अवश्य सूचना करे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



में लिखा हुवा है। मूर्ति के अग्र भाग की पाटली पर लंगोट (कौपीन) दो इंच चौडा है और लंगोट का शिरा जंगायुग में से निकल कर तीन इंच बहार पाटली पर लटका हुवा है। इस लेख की नकल ता. १५ जून सन १९०२ ई० को प्रातःकाल १० बजे ली। यतिकृत पृष्ठ ८२। इस मूर्ति के बदले दिगम्बरीय लोगों ने धारस्टेट में शु० दि० मु० नं० ११ सन १९०२ में दावा श्वेताम्बर लोगों के विरुद्ध किया था जिसका उनके विरुद्ध फैसला हुवा। यतिकृत पृष्ठ ९५-९६ लेख नं. ५। यह मूर्ति मांडवगढ के श्वेतांम्बर मंदिर में मूल नायक तरीके स्थापन है और पद्मासनवाली होकर करीब २४ इंच ऊंची और पीतवर्ण की अति सुन्दर है। इस मूर्ति के लिये दंतकथा सुनने में आती है कि मांडवगढ में सरकारी रामजी मंदिर के पास एक भोंयरे में से राम, लक्ष्मण, सीता, और शांतिनाथ की प्रतिमा करीब एक सौ वर्ष के पेस्तर निकली थी। उसमें तीन प्रतिमा वैष्णव संप्रदाय की होने से धारस्टेट तरफ से भोंयरे के नजदीक ही शिखरबंद मंदिर बनवा कर उसमें स्थापन की गई और उसके सेवा पूजा वगैरह के निभाव खर्च के लिये स्टेटने काफी जागीर कर दी। वह रामजी मंदिर के नाम से प्रसिद्ध होकर महंतजी के वहीवट में है। और शांतिनाथ की प्रतिमा जैन होने से नगरसेठ अगरचन्दजी धनजी धारवाले ने प्राचीन जैन श्वे० मंदिर मांडवगढ में मूल नायकस्थापन किये। इस जैन मंदिर के निभाव खर्च के लिये स्टेट तरफ से कुछ भी जागीर नहीं दी गई है।

(१७) स्वस्ती श्रीः ॥ श्री मंडप महादुर्गे ॥ संवत् १५५५ वर्षे ज्येष्ठ शुदी ३ सोमे श्री श्री वत्स सोनी श्री मांडण भार्या सुश्राविका तोला सुत सो (०) श्री नागराज सुश्रावकेण भार्या श्रा० मेलादे पुत्र सोनी श्री वर्द्धमान सो० पासदत्त द्वितीय भार्या श्राविका विमलादे पुत्र सोनी श्री जिणदत्त पुत्री श्राविका गुदाई वृद्ध पुत्री श्रा० पद्माई कुटुंब सहितेन स्वश्रेयसे ॥ श्री अंचेलगच्छेश श्री सिद्धांतसागरसूरीणामुपदेशेन ॥ श्री शांतिनाथ बिंबं कारितं ॥ प्रतिष्ठितं श्री संघेन ॥ श्री : ॥

यह लेख पीतवर्ण धातु की ३० इंच ऊंची पद्मासनस्थ श्री शांतिनाथ प्रभु की मूर्ति के पृष्ठ भाग में लिखा है। और वह मूर्ति धारानगरी (धार) के बनीयेवाडी के जूने मंदिर में बिराजित है। इसका लेख यतीजी ने ता. २१ जून सन १९०२ ई० को उतारा था। यतीजीकृत पुस्तक पृष्ठ ८३ व ९६।

नोट—नं. १५-१६-१७ के लेख से सोनी गोत्र के वंशजों ने मांडवगढ में ही प्रतिमा भराई व प्रतिष्ठा की है और नं. १६ व १७ के लेख से मांदराज और नागराज दोनों भाई होंगे ऐसा अनुमान होता है। मांडवगढ में सोनगढ किला प्रसिद्ध है वह उन्ही सोनी वंशजो ने बनाया हो इसका उल्लेख फिर कभी करेंगे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્રાટ્ અકબરનો ધર્મ-મત

અનુવાદક—**મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી**

**ભારતવર્ષસમા અતિ વિશાળ સામ્રાજ્ય ઉપર સફળ રીતે શાસન ચલાવવાની સાથે સાથે જે જે રાજાઓ અને સમ્રાટોએ પોતાના સમકાલીન ધર્મો ઉપર મંથન કર્યું છે અને સર્વ ધર્મો પ્રત્યે સમભાવ કેળવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે, તેમાંનો સમ્રાટ્ અકબર પણ એક હતો પરધર્મસહિષ્ણુતાના સુંદર સિદ્ધાંતને અપનાવતા આ યુગમાં સમ્રાટ્ અકબરના ધર્મ-મત સંબંધી લેખનો અનુવાદ આપવો અસ્થાને નહિ ગણાય ! — અનુવાદક**

અકબરનો ધર્મમત તારવવો તે ઘણું કઠીન કાર્ય છે. અકબરની ધાર્મિક માન્યતાએ અનેક પલટાઓ લીધા છે. તે શરૂમાં કટ્ટર સૂન્ની મુસલમાન હતો, તેમજ શીયા મુસલમાન અને અમુસલમાનોને ઘૃણાની નજરે જોતો હતો ( ઈ. સ. ૧૫૭૬ સુધી ). ત્યારપછી તેને, સુધારક મુસલમાનરૂપે, ઇસ્લામ ધર્મમાં સંદેહ થવા લાગ્યો ( ઈ. સ. ૧૫૭૬ થી ૧૫૮૨ ). અંતે તેણે શરિયત–સમ્મત ઈસ્લામ ધર્મને છોડી ભિન્ન ભિન્ન ધર્મોનાં મૂળ તત્ત્વોને લઈ નવો ધર્મ સ્થાપ્યો અને તેના પ્રવર્તક તરીકે પોતાને જાહેર કર્યો. ( ઈ. સ. ૧૫૮૨ થી ૧૬૦૫ ).

**ઈસ્લામ પ્રત્યેનું પ્રારંભનું વર્તન :**

અકબર નાની વયમાં માતા હમીદાબેગમ, ધાઈમાતા માહમઅનાગ તથા ફોઈ ગુલબદન બેગમને અનુસરતો હતો. અને તેમના જ આદર્શ તથા ઉપદેશમાં આકર્ષાઈ, સન્નીવાદ સમ્મત નિયમોને અનુસારે, ઈસ્લામ ધર્મ પાળતો હતો. તે દીલ્હી, અજમેર તથ મુસલમાન ઓલિયાનાં સમાધિ–સ્થાનોમાં યાત્રા કરવા જતો હતો. તે સેલિમચીસ્તી અને ખાજામઈનઉદ્દીનચીસ્તીનો પ્રધાન ભક્ત હતો. પોતાની માતા તથા બીજા વડિલો હજ કરવા જાય તો તેમને તે બહુ જ સરસ સગવડ કરી આપતો. તેણે જાહેર પણ કર્યું હતું કે–હજ કરવા જનારને રાજ–ભંડારમાંથી દરેક રીતે મદદ આપવામાં આવશે. આ સગવડનો લાભ ઘણાઓએ લીધો હતો.

**ધર્મ સંબંધી વિચારણા : મનોમંથન :**

ઈ. સ. ૧૫૭૬ પછી અકબરને ધર્મમાં શંકા પડી અને ત્યારથી તે ધર્મવિચારણામાં અધિક સચિંત બન્યો. ક્રમે ક્રમે તેનો વહેમ વધતો ગયો. બદાઉની કહે છે કે — તે એકલો એકદમ સવારે નિર્જન સ્થાનમાં બેસી જીવનની અનેક રહસ્યમય વિચારણા કરતો હતો. તે જ સમયના લેખક નૂરલહક કહે છે કે — સત્ય અનુસન્ધાન કરતાં, તેના હૃદયમાં તીવ્ર પિપાસા જાગી હતી. જૂગજૂની ગંભીર, રહસ્યમય વાણીથી ઉઠતા "સાચુ શું ! અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ક્યાં છે" એ પ્રશ્ને તેના લાંબા કાળથી ચંચળ, તર્કવાદી અને લાગણીપ્રધાન હૃદયને વ્યસ્ત કરી મૂક્યું હતું. તે કંઈ નિર્ણય કરી શક્યો નહિ. મનુષ્યોના ધર્મગત અને જન્મગત ભેદોથી તેનો આત્મા કળકળી ઉઠ્યો. સામ્યતા, મૈત્રી અને નીતિના મૂર્તિમંત સ્વરૂપ જેવા ઈસ્લામ ધર્મમાં પણ શીયા તથા સૂન્નિના વિભાગો અને ઝગડાઓ તેના હૃદયને પીડવા લાગ્યા. અભિમાની તેમ જ અનુદાર મૌલાનાની જોહુકમી તેને અસહ્ય લાગી. તેણે આ જાતિગત તથા ધર્મગત ભેદો ઉખાડી નાખી દરેકને એકતામાં જોડવાની ઇચ્છા કેળવી. આ માટે તેણે જુદા જુદા ધર્મોનાં તત્ત્વોનો અભ્યાસ કરવા માંડ્યો. પરિણામે પોતાના ધર્મમતમાં પરાવર્તન થતાં, સર્વ ધર્મોના સહકાર રૂપે, તેણે નવો ધર્મ-મત સ્થાપ્યો.

**નવો ધર્મ પ્રવર્તાવવાની ભાવના :**

આ ધર્મમતના પલટામાં કેટલાંએક કારણો પણ હતાં. અકબરે ભારતવર્ષમાં પોતાના સામર્થ્યથી એક વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. આવા મોટા રાજ્યમાં જુદા જુદા ધર્મવાળી અનેક જ્ઞાતિઓ હતી. તે આ દરેક પ્રત્યે ઉદારતા ન દાખવે તો તેના રાજ્યની મજબૂતાઈ કે સ્થિરતા ટકી શકે નહિ. તેણે અનેક હિન્દૂ કન્યાઓ સાથે લગ્ન કર્યું. તેઓના સહવાસ અને પ્રભાવે અકબરના ધર્મમાં અને જીવનમાં બહુ પરિવર્તન કર્યું. આખરે શેખ મોર તથા તેના જગપ્રસિદ્ધ પુત્રો અબૂલ ફજલ અને ફૈઝી તેના દરબારમાં આવતાં તથા તેઓની સાથે ધાર્મિક વાર્તાલાપ થતાં અકબરની તે ઉદારતા અધિક વિકસવા લાગી. તેઓ સુફી મતના હતા, તેમજ ધર્મનાં સત્ય અને ગૂઢ તત્ત્વો શોધવાની ઇચ્છાથી ઈસ્લામ ધર્મમાં જૂદી શાખા કાઢવાની ભાવનાવાળા હતા. તેઓ ધર્મની બાહ્ય ક્રિયાઓને બદલે આધ્યાત્મિક તત્ત્વો ગ્રહણ કરવાં તે, ધર્મ-પિપાસુઓને માટે શ્રેષ્ઠ માર્ગ છે એમ માનતા હતા. અકબરને સુફીમત પસંદ પડ્યો અને તે મત તેણે આગ્રહપૂર્વક ગ્રહણ કર્યો—સ્વીકાર્યો. ત્યારે તે સમયના દિલ્હીના સુફી-મતવાદી તાજઉદ્દીને પણ અકબર ઉપર વિશેષ પ્રભાવ પાડ્યો હતો. પરિણામે અકબર શરિયત્ સમ્મત ઈસ્લામ ધર્મથી જૂદો પડ્યો.

**એબાદતખાનાની યોજના :**

સમય જતાં અકબરની ધર્મ-પિપાસા વધવા લાગી, સત્ય પ્રાપ્તિની પ્રવૃત્તિ પણ સજીવ બની. તેને એબાદતખાનું બનાવી તેમાં તે તે પ્રકારના ધર્મજ્ઞ પુરુષોના મુખે ધર્મોનાં દુર્બોધ રહસ્યો તથા અભ્રાન્ત આલોચના સાંભળવાની ઇચ્છાઓ જન્મી, અને અકબરે તે જ પ્રમાણે ફતેહપુર સીક્રીમાં ઇતિહાસ પ્રસિદ્ધ એબાદતખાનું તૈયાર કરાવ્યું. (ઈ. સ. ૧૫૮૨)

એબાદતખાનામાં પ્રારંભમાં મુસલમાન ધર્મના નેતાઓને જ નિમંત્રણ કરવામાં આવતું. અકબર તેઓને ૧-શેખ, ૨-સૈયદ, ૩-આલેન્ સંપ્રદાય અને ૪-અમીરગણ એમ ચાર વિભાગમાં વહેંચી યોગ્ય આસને બેસારી સ્વયં સભાપતિ બનતો હતો. આ અધિવેશન ગુરુવારની સંધ્યાથી શુક્રવાની બપોર સુધી ભરાતું હતું, જેમાં અનેક વિધ વિચારણાઓ થતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એબાદતખાનાની આ ચર્ચા અને વિચારણા તીવ્રપણે ચાલતી હતી, તેમજ જુદા જુદા મતવાદીઓ એકબીજાને બુદ્ધિથી હરાવવા માટે આકરામાં આકરા ઉપાયો લેતા હતા. તેઓ કેટલીકવાર ધૈર્યહીન તેમજ અસ્થિર બની અસંયત ભાષાનો પણ વ્યવહાર કરી લેતા હતા. સૂન્નીદલના પ્રતિનિધિઓ શેખ મખદૂમ-ઊલ્-મૂલ્ક તથા શેખ આબ્દૂન્ નબી હતા, જ્યારે સ્વાધીન મતવાદીઓના પ્રતિનિધિઓ શેખ મોબારક અબૂલફજલ તથા ફૈઝી હતા. બદાઉની આની કટાક્ષભરી આલોચના કરતાં કહે છે કે — "તેઓ ચર્ચામાં જિહ્વાસ્ત્ર વડે ભીષણ યુદ્ધ ખેલતા હતા તેમજ સામા મહજબ (સંપ્રદાય) સામે શત્રુતા એટલી હદે વધી જતી કે સામાને "મૂર્ખ" કહી ઉપહાસ કરતા હતા."

**અન્ય ધર્માનુયાયીઓ સાથેની ચર્ચા :**

ત્યારબાદ અકબરે અન્યાન્ય ધર્માચાર્યોને પણ એબાદતખાનામાં આમંત્ર્યા. એ જ રીતે હિંદુશાસ્ત્રીઓએ અકબરને પોતાના ધર્મના મૂળ મંત્રો સમજાવ્યાં. વેદવિદો અને બ્રાહ્મણો તેની સાથે વિશદભાવે હિંદુધર્મની વિચારણા કરતા હતા. જેમાં પુરૂષોત્તમ અને દેવી એ પ્રધાન છે. દેવી એ હિંદુધર્મનું આદિમ તત્ત્વ છે. પુરાણો, મૂર્તિપૂજાનાં અસલી કારણો, સૂર્ય, તેત્રીશકરોડ દેવો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શ્રીકૃષ્ણ, મહામાયાની ઉપાસનાનું કારણ, વગેરે રીત રિવાજોની ચર્ચા થતી હતી.

**જૈનધર્મના આચાર્યોનો સમ્રાટ્ ઉપર પ્રભાવ :**

જૈનધર્મના આચાર્યોએ પણ તે જ પ્રકારના સન્માનથી પધારી, પોતાનો ધર્મ કહી સંભળાવ્યો હતો. જેમાં હીરવિજયસૂરિ. વિજયસેનસૂરિ, ભાનુચંદ્ર ઉપાધ્યાય તથા જિનચંદ્રે અકબર ઉપર સચોટ છાપ પાડી હતી. ઈ. સ. ૧૫૭૮ પછી તો એક જૈનધર્મોપદેષ્ટા અકબરના રાજ્યમાં કાયમને માટે રહેતો હતો. કહેવામાં આવે છે કે "જિનચંદ્રે અકબરને જૈનધર્મની દીક્ષા (જૈનત્વ) આપી હતી." કિન્તુ જેમ જેસુર ધર્મયાજકગણ અકબરને ક્રિશ્ચિયન થવાની ખોટી વાતો ચલાવે છે તેમ આ કથન પણ સર્વથા અસત્ય છે. છતાં જરૂર હીરવિજય (સૂરિ)એ અકબરને, પાંજરામાં પુરેલા પક્ષિઓને છોડવાનો તથા અમુક દિવસોમાં પ્રાણિહત્યા બંધ કરવાનો ઉપદેશ આપ્યો હતો (ઈ.સ. ૧૨૮૨). તેણે પોતાના ધર્માવલંબીઓ માટે ઘણી અનુકૂળતા મેળવી હતી. અકબરે માંસાહાર છોડ્યો અને પ્રાણિહત્યા નિવારી તે હીરવિજયસૂરિ વગેરેના પ્રભાવે જ બન્યું છે, —બનવા પામ્યું છે

**જરથોસ્ત ધર્મનો પ્રભાવ :**

અગ્નિપૂજક પારસી તથા જરથોસ્તીઓ પણ તેનું સન્માન પામ્યા હતા અને એબાદતખાનામાં પોતાના ધર્મની વ્યાખ્યા કરવાને સમ્મતિ મેળવી શક્યા હતા.

બદાઉની કહે છે કે — અકબર તેઓ પ્રત્યે એવો આકર્ષાયો કે તેણે પ્રાચીન પારસીધર્મની ઘણી સંજ્ઞા અને નિયમોનું શિક્ષણ મેળવ્યું, તેમજ અબૂલફજલને આજ્ઞા કરી કે — તેઓના નિયમ પ્રમાણે દરબારના દિવસે નિરંતર અગ્નિ પ્રજ્જ્વલિત રાખવાની વ્યવસ્થા કરવી. દસ્તૂર મહેરજી રાણાએ જરથોસ્તી મત અકબરને સારી રીતે સમજાવ્યો હતો અને સન્માન તરીકે બસો વીઘા જમીનની જાગીરદારી મેળવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અકબરે વૃક્ષ વગેરે સજીવ પદાર્થોના જીવનરૂપ અને દરેક અગ્નિના મૂળરૂપે સૂર્યની પૂજા ચાલુ કરી. બીરબલ આ સંબંધમાં તેને અધિક ઉત્સાહિત કરતો હતો.

**ક્રિશ્ચિયન ધર્મ સાથેનો પ્રસંગ :**

તે સમયે ગોવાના પોર્ટુગીજ સમાજે વ્યવસ્થિત રીતે ક્રિશ્ચિયન ધર્મનો પ્રચાર ચાલુ કર્યો હતો. અકબરે તે ધર્મનું નામ સાંભળી આગ્રહપૂર્વક જેસૂટ ધર્મયાજક ગણને સન્માનપૂર્વક નોતર્યો. કિન્તુ તેઓ બહુ કજીયાખોર હતા, અને કુરાન તથા હજરત મહમ્મદ માટે એવા કડક અકથ્ય શબ્દો વાપરતા હતા કે જેના પરિણામે ફાધર બડલેફ્ને એકવાર જીવન-મરણનો પ્રશ્ન આવી ઉભો. ક્રિશ્ચિયનધર્મ-પ્રચારકોના નેતાઓ ફાધર એક્રૂયાભિભા અને ફાધર મનસારેટ હતા. ડૉ. સ્મીથે પોતાના "અકબર"માં સગર્વભાવે લખ્યું છે જે "અકબરે તેઓના ઉપદેશથી ઇસ્લામધર્મ છોડ્યો અને તેની ધર્માલોચનાને એબાદતખાનામાં વિશિષ્ટ સ્થાન આપ્યું." આ બધું પાયા વગરનું અને ભ્રમપૂર્ણ છે. ખરી વાત એ છે કે અકબર તેની ગૂંડાગીરીથી નારાજ થયો હતો તેમજ અસંયમી શબ્દોથી ખળભળી ઉઠેલ સૂન્ની સંપ્રદાયના ક્રોધથી તેમને અકબરે બચાવી લીધા હતા.

**શિખધર્મ પ્રત્યેનું વર્તન:**

અકબર શિખ-ગુરુઓને પણ બહુ ભક્તિભાવથી માનતો હતો. તેણે એકવાર એક શિખ ગુરુના અનુરોધથી પંજાબની પ્રજાનો એક વર્ષ સુધી કર માફ કર્યો હતો. તે શિખોના ધર્મપુસ્તક "ગ્રન્થ સાહેબને" "દરેક સન્માનને યોગ્ય ગ્રન્થ" કહી સન્માનતો હતો.

**અનેક ધર્મચર્ચાઓનું પરિણામ અને પ્રભાવ :**

એબાદતખાનાની ધર્મ-ચર્ચાનો અકબરના મનમાં અને ધર્મ-શ્રદ્ધામાં વિશેષ પ્રભાવ પડ્યો. તેની ધર્મ-માન્યતા બદલાઈ ગઈ. તે આલમ સંપ્રદાયની અક્ષૂણ્ણ ક્ષમતા પ્રકાશવામાં કડક બન્યો. તેણે રાજ્યની સર્વોચ્ચ જવાબદારી સાથે, ઈમામ (ધર્મોપદેષ્ટા)નું સ્થાન મેળવવા પ્રયત્ન કર્યો. અકબરની આ ભાવના મુસ્લીમ જગત માટે નવી નથી. તેની પહેલાં અરબસ્તાનમાં ખલિફાયુગમાં દેશનેતા અને ધર્મનેતા એક જ બનતો. હજરત અબૂબકર, હજરત ઉમરફારૂક, હજરત ઓસમાન, હજરત આલી વગેરે ખલિફાઓ રાજ્ય ચલાવતા હતા તેમજ ઇમામરૂપે ધર્મ-શાસન પણ ચલાવતા હતા.

અકબર તેમના આદર્શોને અવલંબી ઈમામ બની ફત્તેપુર-સીક્રીની મસીદમાં ખુત્બા-પાઠ કરતો હતો. પ્રસિદ્ધ સભાકવિ ફૈજી આરબી ભાષામાં ખુત્બા બનાવી દેતો હતો. ખુત્બાનો અંતિમ ભાગ આ પ્રમાણે હતો. "તેનું નામ લઈ આરંભ કરીએ છીએ, જેણે અમને સામ્રાજ્ય આપ્યું, જેણે અમને હૃદયમાં જ્ઞાન-દાન, હાથમાં શક્તિ-દાન કર્યું, જે અમોને ન્યાયપરાયણ અને સાધુતાયુક્ત બનાવી રાખે છે, તેનો મહિમા ગૌરવશાળી બનો. અલ્લાહો અકબ્બર !"

ત્યારબાદ તેણે સામ્રાજ્યનો શાસનભાર અને ધર્મ વિષયના એક નેતા તરીકે પોતાને જાહેર કરવા ધાર્યું. તેણે આ રીતે પોતાને ઈમામ અદલ અર્થાત્ ન્યાયમાર્ગ બતાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે જાહેર કરી મોજતાહેદનું ઉંચુ આસન લીધું. હવે પછી ધર્મની વિષમતાઓમાં તેનો જ મત સત્ય રૂપે માનવો, કોઈ એ શાસનકાર્યમાં કે ધર્મ-કર્મમાં તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહીં!......

**દીનઈલાહીનું પ્રવર્તન :**

અસ્તુ. અકબરનું સત્યગવેષી હૃદય આથી પણ સંતોષાયું નહીં. તે પેલી જુગ જૂની ગૂઢ રહસ્યવાળી "સત્ય શું! અને કયાં છે!" વાણીનો ઉત્તર મેળવી શકયો નહિ. બીજી બાજૂ તેનો આદર્શ, ભિન્ન ભિન્ન મતવાળા અગણિત પ્રજા સંઘમાં મેળ કરવામાં સફળ ન નીવડયો. અંતે તેણે ઘણી શોધ અને વિચાર પછી પોતાના "દીનઈલાહી" મતનો પ્રચાર કર્યો. તેણે આ ધર્મવાદથી સમગ્ર પ્રજાને એક બંધનમાં બાંધવાનો સંકલ્પ કર્યો. અબૂલફજલ અને ફૈઝી પોતાના પુસ્તકોમાં "દીનઈલાહી"ના નિયમો અને પાલન-રીતિનું વિશદ વર્ણન કરે છે આ મતવાળા એકબીજાને "અલ્લાહો—અકબર" કે "જલ્લા—જાલાલૂદ્દ" કહી સત્કારતા હતા – સંબોધન કરતા હતા. આ મતના પ્રવર્તક તરીકે અકબરને માનવો અને તેના માટે જીવન, લક્ષ્મી, સન્માન તથા ધર્મ (દીન) નો ત્યાગ કરવો, તે આવશ્યક મનાતું હતું.

દયા-દાક્ષિણ્યતા રાખવી, જન્મોત્સવ ઉજવવો, માંસભક્ષણ છોડવું, માંસાહારી કે પશુઘાતકની સાથે ભોજન સબંધ ટાળવો; દીનઈલાહી ધર્મ પાળનારાઓના આ આવશ્યક કાર્યો હતાં

અકબરે નવો મત ચલાવ્યો ખરો, કિન્તુ તેણે પ્રચારનું સ્થાન લીધું નહીં. તેણે સ્વયં પ્રચારક તરીકે રહીને કોઈને બીક કે દબાણથી તે ધર્મને માનનારો બનાવ્યો ન હતો. તેની ખાસ માન્યતા હતી કે જેનું દિલ આકર્ષાશે તે આ મતમાં આવશે. એટલે તેણે સાધારણ જનતાની વિવેક બુદ્ધિ તથા દિલને આકર્ષવાનું ઉચિત ધાર્યું છે, લોભ કે ભયથી બીજાને આકર્ષવાનું તેને પસંદ ન હતું. બદાઉની જણાવે છે કે રાજા ભગવાનદાસ અને રાજા માનસિંહે આ મતને સ્વીકારવાનો ઇન્કાર કર્યો' પરંતુ અકબરે તેઓને આ મત માટે ફરીવાર કંઈ પણ કહ્યું નહીં. આ સિવાય, તેના ધર્મમાં દાખલ થએલ મનુષ્યોની સંખ્યા બહુ ઓછા પ્રમાણમાં હતી. યદિ અકબરનો પ્રધાન ઉદ્દેશ "દીન-ઈલાહી" મતમાં માનવ સંખ્યા વધારવાનો હોત તો તે માટે અકબર બહુ જ યુક્તિ તથા લક્ષ્મીથી તે કાર્યને જલદી સાધી શકત.*

* બંગાળી ભાષાના પ્રસિદ્ધ માસિક પત્ર "પ્રવાસી"ના વર્ષ ૩૩, ખંડ ૨, અંક ૫માં અબદૂલ મઉદૂમ નામના મહાશયે લખેલ લેખનો અનુવાદ.

## સૂચના

પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજનો समीक्षाभ्रमाविष्करण શીર્ષક ચાલુ લેખ આ અંકમાં આપ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दो ऐतिहासिक रासों का सार

लेखक- **श्रीमान् अगरचंदजी नाहटा, बीकानेर**

**जैनों** का ऐतिहासिक साहित्य बहुत विशाल है। सैकडों ही नहीं हजारों की संख्या में ऐतिहासिक रास, छंद, गीत, गहुंली, तीर्थमालाऐं, चैत्य परिपाटीऐं एवं स्तवन स्तोत्र स्तुति आदि उपलब्ध हैं। उनमें प्रकाशित काव्यों की संख्या तो अति अल्प है। खोज शोध के अभाव से हजारां काव्य तो अज्ञात अवस्था में भंडारों में ही पडे हैं। हमने ऐसे करीब २०० ऐतिहासिक काव्यों का एक संग्रह-ग्रन्थ हाल ही में सम्पादित किया है, जो निकट भविष्य में शीघ्र ही प्रकाशित होनेवाला है। प्रस्तुत ग्रन्थ में हमने १२ वीं शताब्दी से लगाकर लगभग २० वीं शताब्दी तक के (८०० वर्षों के भिन्न भिन्न सभी शताब्दीयों के) काव्यों को स्थान दिया है। फिर भी उनके अतिरिक्त सैकडों ऐसे स्तवन, गीत, गहुंली आदि हमारे संग्रह में अप्रकाशित पडे हैं। और ज्यों ज्यों खोजशोध का कार्य चलता रहता है, निरन्तर अनेकों काव्य निरीक्षण व संग्रह में आते रहते हैं। इससे ऐतिहासिक जैन काव्यों की प्रचुरता का काफी अनुभव हो सकता है।

हमारे समान अन्य साहित्य सेवी विद्वानों के पास भी ऐसे अनेकों काव्य उपलब्ध होगें व भंडारों में भी बहु संख्यक काव्य सुरक्षित हैं। उन सब को सुसम्पादित कर प्रकाशित करना ५-१० विद्वानों का काम नहीं और न इतनी द्रव्य प्रचुरता ही है। अतः मेरे विचार में जिन जिन के पास जो जो ऐतिहासिक रासादि साधन हों उनका संक्षिप्त ऐतिहासिक सार प्रसिद्ध जैन साहित्यिक पत्रों में प्रकाशित किया जाता रहे तो थोडे समय में जैन इतिहास की सुन्दर रूपरेखा तैयार की जा सकती है। मूल काव्य अलंकारिक और वर्णनात्मक होने से बडे होते हैं, उनके प्रकाशन में काफी समय, साधन और स्थान की आवश्यकता रहती है। पर उनके ऐतिहासिक सार में कार्य बहुत शीघ्र और सुन्दर हो सकता है। इसी दृष्टि से प्रस्तुत लेख में दो तपागच्छीय रासों का यह सार प्रकाशित किया जाता है। आशा है साहित्यप्रेमी विद्वानों को यह उपयोगी प्रतीत होगा और मेरी नम्र विज्ञप्ति व योजनानुसार वे भी अपने को प्राप्त ऐतिहासिक काव्यों का सार लिखकर प्रकाशित करने की कृपा करेंगे।

ऐतिहासिक काव्यों के प्रकाशन का महत्त्व पूर्ण कार्य (मोहनलाल दलीचंद देसाई सम्पादित) जैनयुग मासिक पत्र द्वारा बहुत सुन्दर हुआ था। आज तक अविच्छिन्न

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उसी रूप से यदि वह पत्र देसाई के तंत्रीत्व में प्रगट होता रहता तो न मालूम कितने काव्य प्रगट हो कर इतिहास लेखन में परम सहायक होते। पर प्रस्तुत पत्र केवल ५ वर्ष तक ही मासिक रूप से उनके संपादकत्व में प्रकाशित हुआ। मैं जैन श्वेताम्बर कोन्फरेन्स के अधिकारियों से पुनः सादर साग्रह विज्ञप्ति करता हूं कि जैनयुग को पहले की तरह मासिक रूप से देशाई के सम्पादकत्व में प्रकाशित करने का विचार करें।

## तपागच्छीय भानुचन्द्र शिष्य देवचन्द्र-रास का ऐतिहासिक सार

अहिम्मनगर के ओसवाल, अंबाईया गोत्रज रिंडो शाह की भार्या वरबाई की कुक्षि से आपका जन्म हुआ था। आपका जन्मनाम गोपाल था। जब आपकी ९ वर्ष की अवस्था हुई तो आपके पिता का स्वर्गवास होगया।

श्री विजयसेनसूरि का उपदेश श्रवण करने से गोपालकुंवर को वैराग्य उत्पन्न हुआ। और माता को समझा कर अपने भाई व माता के साथ पं० रंगचंद्र के समीप व्रत ग्रहण किया। आपका नाम देवचंद्र और आपके भाई का दीक्षित नाम विवेकचंद्र रखा गया। वा० भानुचंद्र[1] के पास आपने विद्याध्ययन किया (और उन्हीं के शिष्यरूप से प्रसिद्ध हुए)। श्री विजयसेनसूरि ने सं० १६६५ में देवलवाडे में देवचंद्र को पंडितपद प्रदान किया। पंडितपद प्राप्ति के अनन्तर आपने यावज्जीव एकाशन और गंठसी के प्रत्याख्यान का नियम लिया। आपने मारवाड, मालवा, मेवाड, सोरठ, सवालक्ष, कुंकण, लाट, कान्हड, वागड, गुजरातादि देशों में विहार कर अनेक भक्तों को प्रतिबोध कर धर्मप्रचार किया था।

आपने सात द्रव्यों का परिहार किया था: सालण्ड नीलु नहीं लेते थे; त्रस प्राणी के वध होने पर आम्बिल किया करते थे; तलीडं गुलिडं का त्याग किया करते थे; महीने में ६ उपवास किया करते थे।

इस प्रकार विहार करते हुए सं० १६९७ में आप सरोतरा पधारे, वहां चातुर्मास किया। ५३ वर्ष की आयुष्य में वैशाख शुक्ला ३ को अनशन उच्चारण कर वैशाख शुक्ला ८ के प्रभात समय में आप स्वर्ग सिधारे। श्रावकों ने मांडवीरचनादि महोत्सव से अन्त्येष्टि क्रिया की। आपके बन्धु विवेक (चंद्र) ने प्रस्तुत रास (गा० १०३) की रचना की।

—(पत्र ५ हमारे संग्रह में नं० २५७२)

१. आत्मानन्द जन्म शताब्दी अंक में श्री मोहनलाल दलीचंद देसाई का लेख देखिये।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विशेष :— उपर्युक्त देवचंद्रजी कृत १ जिनशतक (पत्र ५), २ विचारषट्त्रिंशिका (पत्र ४), ३ पृथ्वीचंद्र रास (१६९६), ४ नवतत्त्व, ५ शत्रुंजय चैत्यपरिपाटीस्तवन (गा० ११८), ६ महावीर २७ भवस्तवन (गा० ८८), ७ पोसीनापार्श्वस्तवन (गा० ६१), ८ शंखेश्वरस्तवन, ९ पार्श्व, नेमि, आदिनाथ स्तवनादि यहां के जयचंद्र भंडार में उपलब्ध हैं।

## सौभाग्यविजयनिर्वाण रास का ऐतिहासिक सार

मेडता के शाह नरपाल की पत्नी इन्द्राणी की कुक्षि से आपका जन्म हुआ था। आपका जन्मनाम सावलदास रखा गया। श्री विजयसेनसूरि के पादसेवी वाचक कमलविजय के शिष्य सत्यविजय के पास सं० १७१९ में आपने दीक्षा ग्रहण की।

आपने सं० १७६२ का चौमासा दक्षिण देश के अवरंगाबाद में किया और कार्तिक कृष्णा ७ शनिवार पुष्य नक्षत्र रवियोग को प्रथम प्रहर में ८४ लक्ष जीवायोनि से क्षमतक्षामणा कर आप स्वर्ग सिधारे। श्रावकों ने देहसंस्कार बडे महोत्सव के साथ किया।

अंतरिक्ष प्रभु के प्रसाद से, अवरंगाबाद में तपागच्छीय श्री विजयरत्नसूरि पद्पंकजसेवी पं० सोमविमल सेवक युगलविमल के शिष्य रामविमल ने प्रस्तुत निर्वाणरास (गा० ६३) की रचना की।

—(पत्र ६ की प्रति बीकानेर बृहत् ज्ञानभंडार में है।)

विशेष :— उपर्युक्त सौभाग्यविजयकृत तीर्थमालास्तवन (सं० १७५०) उपलब्ध है। प्रस्तुत तीर्थमाला में सं० १७४६ के चतुर्मास के पूर्ण होने के पश्चात् विजयप्रभसूरि की आज्ञा से यात्रा आरम्भ की गई। सम्मेतशिखरजी की यात्रा कर पटना में चौमासा कर आसपास के तीर्थों की यात्रा की। इस रास में उन सबका एवं गुजरात, काठियावाड और मारवाड के तीर्थों का ऐतिहासिक वर्णन है।

## ગ્રાહક ભાઈઓને

જે ભાઈઓનું લવાજમ આ અંકે પૂર્ણ થતું હોય તેઓને આવતો અંક બહાર પડે તે અગાઉ પોતાના લવાજમના બે રૂપિયા મોકલી આપવા વિનંતી છે. જે ભાઈઓ તરફથી આવી રીતે લવાજમની રકમ નહીં મળે તો તેઓને આવતો—ત્રીજા વર્ષનો પ્રથમ—અંક વી. પી. થી મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશનું

## દ્વિતીય વાર્ષિક

## विषय-दर्शन

卐

### પ્રતિકાર


**દિગંબરોની ઉત્પત્તિ** (ચાલુ લેખમાળા): આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજી. ૪,૪૮,૮૮,૩૫૪,૩૯૩,૪૬૨,૪૭૪.૫૭૫,૫૯૪ (ચાલુ)

**समीक्षाभ्रमाविष्करण** (चालु लेखमाळा): आचार्य महाराज श्री विजयलावण्यसूरिजी. ८,५२,९२,४६७,४८१,५१३ (ચાલુ)

**दिगंबर शास्त्र कैसे बने** (क्रमश: लेखमाला): मुनिराज श्री दर्शनविजयजी १५,५७,९९,३८१,४०६,४९१,५१७,५५२,६०७ (क्रमश:)

**आनन्द श्रावक का अभिग्रह:** आचार्य महाराज श्री जिनहरिसागरसूरिजी : ४९९

**"જૈન દર્શન" ને ઉત્તર:** આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજી : ૫૩૫


### તત્ત્વજ્ઞાન


**પ્રભુપૂજા, ગુરુસેવા:** શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર : ૧

**अनेकांतवाद:** श्री हंसराजजी शर्मा : ४५

**શ્ર. ભ. મહાવીર મહારાજાએ વિસ્તારેલું તત્ત્વજ્ઞાન:** આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજી : ૩૦૧

**સાર્વસિદ્ધાંતની જડ:** શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૩૧૭

**શ્રીક્ષમોપશમભાવ:** પં. શ્રી ધર્મવિજયજી : ૩૨૫

**પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન** (ચાલુ લેખમાળા): આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી ૩૫૯,૩૯૮,૪૩૨,૪૭૯,૫૯૭ (ચાલુ)

**सर्वमान्य धर्म:** आचार्य महाराज श्री सागरानंदसूरिजी : ५१९

**સમ્યગ્દર્શન** (ચાલુ લેખમાળા): આ. મ. શ્રી વિજયપદ્મસૂરિજી: ૫૫૬,૬૦૩ (ચાલુ)


### સાહિત્ય


**શ્રુતદેવતાને અંગે:** શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૩૦

**આરતી અને મંગળદીવો:** ,, : ૬૩

**જૈનોની અહિંસા અને દંડનાયક આભૂ:** શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી : ૧૦૮

**વસંતવિલાસ:** શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૧૧૪

**ભગવાન મહાવીર: યુગપ્રવર્તક તરીકે:** મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી : ૨૫૮

**શ્રી મહાવીર નિર્વાણ:** શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૨૬૩

**જૈનપુરીનાં જિનમંદિરોની અપૂર્વ કળા:** ,, : ૩૭૩,૪૪૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આપણા વિવરણાત્મક સાહિત્યનું સંક્ષિપ્ત અવલોકન:**
શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૪૧૨
**તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવના:** મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી : ૪૧૮
**વસંતવિલાસ** (કાવ્ય): શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૪૧૪
**હસ્તલિખિતપ્રતિયો અને સૂચિપત્રો:** શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા : ૪૪૦,૪૮૭
**ગુજરાતી જૈનાશ્રિત કળા** (ચાલુ લેખમાળા): શ્રી સારાભાઈ મણિલાલ નવાબ
: ૫૩૧,૫૬૦,૬૧૧ (પૂર્ણ)
**નમુત્થુણંને અંગે:** શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૫૯૯

## ઈતિહાસ, શિલ્પ, સ્થાપત્ય.

**હીરવિહારસ્તવ:** મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી : ૧૧,૯૬
**ચંદ્રાવતી:** મુનિરાજ શ્રી ન્યાયવિજયજી : ૨૪,૮૧
**સરસ્વતી પૂજા અને જૈનો:** શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૨૬,૬૯
**પ્રાચીન લેખ સંગ્રહ** (ચાલુ લેખમાળા): મુનિરાજ શ્રી જયંતવિજયજી
૩૩,૬૫,૧૧૨,૩૮૫,૪૪૭,૫૦૬,૫૪૩,૫૮૨,૬૧૫ (ચાલુ)
**મૂર્તિપૂજાના પ્રાચીન પુરાવા:** શ્રી રતિલાલ ભીખાભાઈ : ૪૩,૭૪
**સાધુમર્યાદા પટ્ટક:** મુનિરાજ શ્રી જયંતવિજયજી : ૭૫
**साधुमर्यादा पट्टक:** श्री अगरचंदजी नाहटा : ११२
**महावीर चरित्र मीमांसा:** मुनिराज श्री कल्याणविजयजी : १३३
**મથુરાનો કંકાલીટીલો અને ભ. મહાવીરના જીવનનાં બે વિશિષ્ટ પ્રસંગો:**
મુનિરાજ શ્રી દર્શનવિજયજી : ૧૭૯
**वीर निर्वाण संवत्:** श्री गौरीशंकर हीराचंद ओझा : २२६
**શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ અને ભ. મહાવીરનાં દશ સ્વપ્ન:**
મુ. શ્રી. હિમાંશુવિજયજી : ૨૨૯
**भ. महावीर के भक्त जैन भूपति:** मुनिराज श्री ज्ञानसुंदरजी : २७५
**મહાવીરસ્વામી પાસે દીક્ષિત થનારા થોડાક અનગારોનો પરિચય:**
મુ શ્રી. વિદ્યાવિજયજી : ૨૮૨
**સત્યપુર-સાચોર તીર્થ:** મુનિરાજ શ્રી જયંતવિજયજી : ૩૩૮
**મહાતીર્થ મુંડસ્થલ:** મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી : ૩૪૨
**મંખલીપુત્ર ગોશાલ** (ચાલુ લેખમાળા): મુ. શ્રી વિદ્યાવિજયજી :
૩૬૩,૪૦૨,૪૩૫ (પૂર્ણ)
**પલ્લીવાલ નેમડ અને તેના કુટુંબનાં ધર્મકાર્ય:** મુ. શ્રી. જયંતવિજયજી : ૩૬૮
**यतिमर्यादा पट्टक:** महोपाध्याय श्री यतीन्द्रविजयजी : ३७८
**महावीर जिन श्राद्ध कुलक:** महोपाध्याय श्री यतीन्द्रविजयजी : ३८८
**मांडवगढ संबंधी लेख** (क्रमश: लेखमाला): श्री नंदलालजी लोढा:
४३०,४५१,५८०,६१८ (क्रमांश)
**શૌરિપુર તીર્થ:** મુનિરાજ શ્રી દર્શનવિજયજી : ૪૫૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી હેમચંદ્રાચાર્યની દીક્ષાનાં સમય અને સ્થાન**: મુ. શ્રી. હિમાંશુવિજયજી : ૪૬૫
**બહાડમેરુ**: મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી : ૪૯૬,૫૨૬
**સરધનાના શિલાલેખો**: શ્રી નગીનદાસ મનસુખરામ (વીરેશ) : ૫૦૮
**સહેટમહેટ**: મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી : ૫૨૭
**लुप्तप्राय : जैन ग्रंथों की सूचि** : श्री अगरचंदजी नाहटा : ५४७,५६७
**પરમાર્હત મહાકવિ ધનપાલનું આદર્શ જીવન**: મુનિરાજ શ્રી સુશીલવિજયજી : ૬૦૯
**અકબરનો ધર્મ–મત** : મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી : ૬૨૧
**दो ऐतिहासिक रासों का सार** : श्री अगरचन्दजी नाहटा : ६२६

## ચરિત્ર–કથા–વર્ણન

**શ્રી સ્તંભનપાર્શ્વનાથ** આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી : ૪૭,૭૮
**અયોધ્યાનગરી** ,, : ૧૧૯
**અગિયાર ગણધરો** ,, : ૨૮૯
**શ્રી કૌશાંબીનગરી** ,, : ૩૭૬
**ચંપાપુરી મહિમા** ,, : ૪૩૮,૪૮૫
**અક્ષય તૃતીયા** ,, : ૫૩૯
**પ્રભુ શ્રી મહાવીરની મહત્તા**: આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી : ૧૬૧
**ભ. મહાવીરના પૂર્વભવ યાને ક્રમિક વિકાસ**: મુ. શ્રી ન્યાયવિજયજી : ૧૬૫
**સત્તાવીશ ભવ**: મુનિરાજ શ્રી સુશીલવિજયજી : ૧૭૫
**મહાવીર જીવન જ્યોતિ**: મુનિરાજ શ્રી દક્ષવિજયજી : ૧૮૪
**યુગમૂર્તિ મહાવીર**: શ્રી રતાજી એમ. ઠાકોર : ૧૯૫
**Observation on Life-incidents of Lord Mahavir**:
Muni Raj Shri Ratnaprabhavijayaji : ૧૯૭
**भ. महावीर का दिव्य जीवन** : श्री ईश्वरलालजी जैन : २३८
**શ્રી મહાવીરદેવ અને મંખલીપુત્ર**: શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી : ૨૪૨
**भ. महावीर के उपसर्ग** : श्री राजमलजी लोढा : २४६
**જગદુપકારી વર્ધમાન અને હાલિક**: ક્રમાટી : ૨૫૨
**અત્યંત રાગી ઉપર નીરાગી**: શ્રી કુંવરજી આણંદજી શેઠ : ૨૫૬
**તરંગવતીની કથા**: મુનિરાજ શ્રી ન્યાયવિજયજી : ૫૮૪

## સ્તુતિ–સ્તોત્રાદિ

**अजितनाथ स्तोत्र** आचार्य महाराज श्री विजयपद्मसूरिजी : २
**नेमिनाथ स्तोत्र** ,, : ४६,८५
**जीवत्स्वामी द्वात्रिंशिका** , : ३४७
**सत्यदेव स्तोत्र** ,, : ३५१,३९१
**शारदा लघु स्तोत्र** ,, : ४३१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**यशोद्वात्रिंशिका** आचार्य महाराज श्री विजयपद्मसूरिजी : ૪૭૧
**सरस्वती विंशिका** ,, : ૫૧૧,૫૫૧
**पुंडरीक द्वात्रिंशिका** ,, : ૫૯૧
**પ્રભુ શ્રી વીરને વંદન** ,, : ૧૨૫
**શ્રી મહાવીર પ્રભુની અનન્યતા:** શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ : ૧૬૪
**महावीर स्तव**: श्री अगरचंदजी नाहटा : ૩૩૬
**शंखेश्वर पार्श्वनाथ स्तोत्र**: मुनिराज श्री वाचस्पतिविजयजी : ૫૧૬
**जिनप्रभसूरिकृत चैत्यवंदन**: श्री अमृतलाल मोहनलाल संघवी : ૫૬૪


## સંપાદકીય


**સંપાદકીય વક્તવ્ય** : ૩૬
**તંત્રી સ્થાનેથી** : ૧૨૬


## ચિત્ર


૧. ચંદ્રાવતીમાં મળેલી મૂર્તિનાં ત્રણ ચિત્રો: પ્રથમ અંકમાં.
૨. આમલડી ક્રીડાનાં મથુરામાંથી મળેલાં પત્થર ઉપરનાં ત્રણ ચિત્રો: ચોથો–પાંચમો અંક.
૩. મહાતીર્થ મુંડસ્થલનું જિનમંદિર: ચોથો–પાંચમો અંક.



# શ્રી જૈન સત્ય પ્રકાશનું

બીજા વર્ષનું

અતિ મહત્ત્વનું પ્રકાશન

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

આ અંકમાં

પ્રભુ શ્રી મહાવીરદેવના જીવન સંબંધી
જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા દૃષ્ટિબિંદુથી લખેલા
અનેક લેખોનો સંગ્રહ આપવામાં આવ્યો છે.

આ અંક માટે ઘણા સારા અભિપ્રાયો મળ્યા છે.

પ્રત્યેક જૈનના ઘરમાં આ અંક અવશ્ય હોવો જોઈએ.

૨૨૮ પૃષ્ઠ, ઊંચા કાગળો, સુંદર છપાઈ છતાં

મૂલ્ય

**ટપાલ ખર્ચ સાથે માત્ર તેર આના.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**પ્રતિષ્ઠા :** જેઠ સુદ તેરસના દિવસે ધાનેરાના જિનમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી અને શ્રી અજિતનાથ ભગવાનનું બિંબ મૂલનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું. તથા બીજાં નવ બિંબો પણ સ્થાપવામાં આવ્યાં. આ પ્રસંગે પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી મહારાજ વગેરે ત્યાં પધાર્યા હતા.

**ધ્વજારોપણ :** લગભગ બાર વર્ષ પછી, મેરઠ જિલ્લામાંના બીનૌલી ગામમાં પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ આદિની ઉપસ્થિતિમાં, જેઠ સુદી છઠના દિવસે, ફરીથી ધ્વજારોપણ પણ કરવામાં આવ્યું.

**દીક્ષા :** નાગોર (મારવાડ) મુકામે પૂજ્ય આચાર્ય શ્રી જિનહરિસાગરસૂરિજીએ જેઠ સુદી તેરસને દિવસે ચિરંજીલાલ નામક એક અગ્રવાલ સદ્‌ગૃહસ્થને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુનિરાજ નન્દનસાગરજી રાખવામાં આવ્યું.

**કાળધર્મ :** અમદાવાદમાં ઉજમફોઈની ધર્મશાળામાં, પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલાભસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી જેઠ સુદ ચોથને શનિવારના દિવસે કાળધર્મ પામ્યા.

**પ્રતિમાજી નીકળ્યાં :** અલવર રાજ્યમાં અંડોલી ગામમાં લગભગ સાત માસ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની એક હાથ ઉંચી પ્રતિમા નીકળી હતી, તે એક બ્રાહ્મણ-ભાઈએ પોતાને ત્યાં રાખી છે. હજુ સુધી જૈન સંઘે તે પ્રતિમાજીને જૈન દેરાસરમાં પધરાવવા પ્રયાસ કર્યો નથી.

**અંગ્રેજી જૈન સપ્તાહિક :** મદ્રાસ મુકામેથી તારિખ પહેલી જુલાઈથી સી. એસ. મલ્લીનાથના તંત્રીપણા નીચે "જૈન હેરોલ્ડ" નામનું સાપ્તાહિક પત્ર નીકળવાના સમાચાર મળ્યા છે.

**આફ્રીકામાં જૈન ઉપાશ્રય :** મોંબાસામાં રૂપિયા પંચાવન હજારના ખર્ચથી એક જૈન ઉપાશ્રય બાંધવામાં આવ્યો હતો. તેની ઉદ્‌ઘાટન ક્રિયા તા. ૬–૬–૩૭ના દિવસે કરવામાં આવી.

**જૈન બેંક :** કોલ્હાપુરમાં દસ લાખની મૂળ મુડીથી શ્રી મહાવીર કોઓપરેટીવ બેંક લીમીટેડ નામની જૈન બેંકની સ્થાપના કરવામાં આવી છે. આ બેંકના બધા ડાયરેક્ટરો જૈન રહેશે.

**જૈન શ્વે મૂ. કૉન્ફરન્સની શિક્ષણ પ્રચારની યોજના :** જૈન કૉન્ફરન્સને પોતાની શિક્ષણ પ્રચારની યોજના માટે જે રૂ. ૨૫૦૦૦,ની રકમ મળી હતી તેનો ઉપયોગ પ્રાથમિક, માધ્યમિક, ઔદ્યોગિક કેળવણીને અંગે તથા ગામડામાં શિક્ષણ પ્રચારને માટે કરવાનું નક્કી થયું છે.

**ટ્રસ્ટ રજિસ્ટ્રેશન એક્ટ :** મુંબઈ સરકારે પસાર કરેલ ધર્માદા ફંડોના રજિસ્ટ્રેશનના કાયદાનો અમલ ચાલુ જુલાઈ માસથી શરૂ થયો છે. આ કાયદો જૈન ફંડોને પણ લાગુ કરવામાં આવ્યો છે.

**બ્રહ્મદેશમાં જીવદયાદિન :** બ્રહ્મદેશમાં ત્યાંની જીવદયા પ્રચારિણી સભા તરફથી ઠેર ઠેર સભાઓ વગેરે દ્વારા ઉજવવામાં આવેલા જીવદયાદિનના પ્રસંગે હજારો માણસોએ માંસાહાર નહીં કરવાની પ્રતિજ્ઞા કરી હતી. આ દિનની ઉજવણીના ઉપલક્ષમાં કેટલાંય કતલખાનાઓ બંધ રાખવામાં આવ્યાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. B. 3801

નવું વર્ષ !] શ્રી [નવો અંક !

# જૈન સત્ય પ્રકાશ

નો

## આવતો અંક

### ત્રીજા વર્ષના પ્રથમ અંક તરીકે

બહાર પડશે !

શ્રી રાજનગર (અમદાવાદ)માં મળેલ
અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક
મુનિસંમ્મેલનના સ્મરણરૂપ

**શ્રી જૈન સત્ય પ્રકાશ માસિકે**

ગયા બે વર્ષ દરમ્યાન
અનેક પ્રકારનું સાહિત્ય પ્રગટ કર્યું છે
દરેક જૈનના ઘરમાં

**આ માસિક અવશ્ય વંચાવું જોઈએ**

**[વાર્ષિક લવાજમ માત્ર બે રૂપિયા]**

નવા વર્ષે ગ્રાહક થવા માટે તરત જ લખો:

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

જેશિંગભાઈની વાડી, ઘીકાંટા
અમદાવાદ (ગુજરાત)

For Private And Personal Use Only